Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૩ ● અંક : ૧૮૨
તા.૦૬-૦૮-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૨ સૂર્યાસ્ત : ૦૭:૧૯

તાપમાન: ડીસા ૩૨.૦, અમદાવાદ ૩૩.૩, ગાંધીનગર ૩૩.૫, વડોદરા ૩૨.૫, સુરત ૩૦.૪, નલિયા ૩૧.૨

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...




# વેંકૈયા નાયડુ દેશના ૧૩ માં ઉપરાષ્ટ્રપતિ

## દેશના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૭૮૫ સભ્યો પૈકી ૭૭૧ સભ્યો દ્વારા મતદાન કરાયું : મતદાન ટકાવારી ૯૮.૨૧ ટકા : અન્સારીની અવધિ ૧૦મીએ પૂર્ણ



નવી દિલ્હી

ભાજપના નેતૃત્વમાં એનડીએના ઉમેદવાર વેંકૈયા નાયડુ ધારણા પ્રમાણે જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિજેતા બન્યા હતા. વેંકૈયા નાયડુને ૫૧૬ મળ્યા હતા જ્યારે તેમના હરીફ અને પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ ગોપાલકૃષ્ણ ગાંધીને ૨૪૪ મત મળ્યા હતા. આની સાથે જ વેંકૈયા નાયડુ ભારતના ૧૩માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ચુંટાઈ આવ્યા હતા. સંસદના બંને ગૃહોમાંથી તેમને મોટી સંખ્યામાં મત મળ્યા હતા. ૧૦૦ ટકા જેટલું મતદાન આજે યોજાયું હતું. ૭૭૧ મત મળ્યા હતા જે પૈકી ૭૬૦ માન્ય હતા. જીતવા માટે ૩૮૧ મતની જરૂર હતી. હમીદ અન્સારીની અવધિ ૧૦મી ઓગસ્ટના દિવસે પુરી થઇ રહી છે. અગાઉ દેશના આગામી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ભારે ઉત્સાહ વચ્ચે અગાઉ ૯૮.૨૧ ટકા જેટલું ઉંચુ મતદાન થયું હતું. કુલ ૭૮૫ સભ્યો પૈકી ૭૭૧ સભ્યોએ મતદાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મોડેથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સવારે ૧૦ વાગે મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ ચારેબાજુ ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત તેમના પ્રધાનમંડળના સભ્યો, વિપક્ષી નેતાઓ પણ મતદાનમાં ભાગ લીધો હતો જેમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો પણ સમાવેશ થાય છે. સહાયક ચૂંટણી અધિકારી મુકુલ પાંડેએ સંસદ ભવનમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ બપોર સુધીમાં ઉંચુ મતદાન થઇ ગયું હતું. વેંકૈયા નાયડુ પોતે મતદાનમાં ભાગ લેવા માટે સવારે ૯.૩૦ વાગે ઘરેથી નિકળ્યા હતા અને ૧૦ વાગે મતદાનમાં ભાગ લીધો હતો. નાયડુની સાથે સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમાર, ભાજપના અન્ય નેતા પણ ઉપસ્થિત હતા. ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્ય અને અન્ય ભાજપના નેતાઓએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વિપક્ષી ઉમેદવાર ગોપાલકૃષ્ણ ગાંધીએ કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ અને અન્ય નેતાઓ સાથે શુભેચ્છાની આપલે કરી હતી. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ગુલામ નબી આઝાદ, મલ્લિકાર્જુન ખડગે તમામ એક સાથે નજરે પડ્યા હતા. રાજ્યસભાની નોમિનેટ સભ્ય રેખા પણ મતદાન માટે પહોંચી હતી. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્નિ ડિમ્પલ યાદવ પણ મતદાન માટે પહોંચ્યા હતા. નાયડુએ મતદાન પહેલા જ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, મોટાભાગના પક્ષો તેમને મત આપનાર છે.

# ધાનેરામાં રાહુલ ગાંધીની કાર પર પત્થરમારા સંદર્ભે એકની અટકાયત



તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં કોંગ્રેસના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષથી રાહુલ ગાંધીની ગાડી ઉપર થયેલ પત્થર મારા સંદર્ભે પોલીસે ભાજપના એક કાર્યકરોની અટકાયત કરી જિલ્લા પોલીસ વડાએ તમામ વિરૂધ્ધ કાયદેસર કરવાની ખાત્રી ઉચ્ચારી હતી. જેથી કોંગ્રેસ અગ્રણીઓએ ધરણાં સમેટી લીધા હતા.

ગત શુક્રવારે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્તોની મુલાકાતે આવ્યા હતા. જેઓ સર્વપ્રથમ ધાનેરા તાલુકાના માલોત્રા ગામે જઈ પૂરમાં મોતને ભેટેલ લોકોના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. બાદમાં ધાનેરામાં પૂરગ્રસ્તોને મળી માર્કેટયાર્ડ અને લાલચોકમાં સભા સંબોધી હતી. ત્યારબાદ તેઓ અન્ય વિસ્તારોમાં જવા ગાડીમાં બેસી હેલીપેડ જવા રવાના થયા હતા. ત્યારે ભરચક ભીડમાંથી કોઈએ પત્થર માર્યો હતો. જે પત્થર ગાડીના કાચ ઉપર વાગતા કાચ તૂટી ગયો હતો અને સુરક્ષા જવાન જખ્મી થયો હતો. જે પત્થરમારાના દેશભરમાં તીખા પ્રત્યાઘાતો પડ્યા હતા જ્યારે લાલઘૂમ બનેલા ધાનેરા કોંગ્રેસના કાર્યકરો પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાની આગેવાની હેઠળ ફરિયાદ નોંધી કસુરવારોની

અનુસંધાન પાના નં.૬

### જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર

કોંગ્રેસના ધરણાં ઉપર બેઠેલા કાર્યકરોની પત્થર મારનાર મુખ્ય આરોપી અને અન્ય ત્રણ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ હતી. જેમની માંગણી પોલીસે સ્વીકારી એકની ધરપકડ પણ કરી છે અને તમામ સામે કાર્યવાહી કરાશે.

### કોંગ્રેસ અગ્રણી અર્જુન મોઢવાડીયા

રાહુલ ગાંધીએ કોર્ટ- કચેરીમાં પડવાને બદલે પૂરગ્રસ્તોની સેવામાં તન- મનથી લાગી જવાનો આદેશ કર્યો છે. ત્યારે જિલ્લા પોલીસ વડાએ તમામ આરોપી સામે કાર્યવાહી કરવાની ખાત્રી ઉચ્ચારી છે તેથી અમોએ ધરણાં સમેટી લીધા છે.

### એફએસએલની તપાસ

રાહુલ ગાંધીની કાર પર થયેલા પથ્થરમારા બાદ એફએસએલ દ્વારા તપાસ શરૂ કરી દીધી છે. આ હુમલામાં એસપીજી જવાનને ઇજા પહોંચતા ગાડીમાં જે લોહીના ડાઘ પડયા હતા તે સહિતના અન્ય નમૂનાઓ પણ એફએસએલ ના અધિકારીઓએ લીધા હતા અને તેના પરીક્ષણ સહિતની તપાસ કાર્યવાહી શરૂ કરી હતી.

પથ્થર મારા બાદ કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉગ્ર બનતા ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો અને અર્જુન મોઢવાડીયા સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓ દોષીતો સામે તાત્કાલિક પગલા ભરવા માંગ કરી હતી જે બાદ શનિવારે પોલીસ હરકતમાં આવતા ધાનેરના અનિલ કુમાર ઉર્ફે (જયેશ) મંગળદાસ દરજી ઉ.વ ૩૫ ને પકડી પાડવામાં આવ્યો હતો અને ધાનેરમાં ભારે રાજકીય માહોલ હોવાથી પોલીસે ઝડપી પાડેલા અનિલ દરજીને પાંથાવાડા પોલીસ સ્ટેશન લાવી ધાનેરા સી.પી આઈ જી.એલ ચૌધરી એ વધુ તપાસ હાથ ધરી છે

## બનાસકાંઠા જિલ્લાના પૂર પિડીતોને ઝડપભેર જંગી સહાય ચુકવાઈ

# પૂર અસરગ્રસ્તોને કેશડોલ અને ઘરવખરીની વગેરેની રૂ. ૫૦.૪૪ કરોડની સહાય ચુકવાઈ

### કલેકટર દિલીપ રાણાના સંગીન પ્રયાસોથી જિલ્લામાં ઝડપથી પૂર્વવત સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાસના પૂર પિડીતોને ઝડપભેર જંગી સહાય જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા ચુકવવામાં આવી રહી છે. જિલ્લામાં પૂર અસરગ્રસ્તોન. કેશડોલ અને ઘરવખરીની રૂ. ૫૦.૪૪ કરોડની સહાય ૪૦૮ ટીમો ધ્વારા ઘરે ઘરે ફરીને ચુકવવામાં આવી છે. કલેકટરશ્રી દિલીપ રાણાના સંગીન પ્રયાસોથી જિલ્લામાં ઝડપથી પૂર્વવત સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. સમગ્ર જિલ્લામાં ૪૦૮ ટીમો ધ્વારા ૫,૨૩,૭૦૫ અસરગ્રસ્તોને કુલ રૂ. ૨૮.૫૯ કરોડ કેશડોલ ચુકવવામાં આવી છે. તેમજ કુલ-૩૯,૬૩૮ કુંટુંબોને રૂ. ૨૧.૮૫ કરોડની ઘરવખરી સહાય ચુકવવામાં આવી છે. આમ કુલ-૫,૬૩,૩૪૩ પૂર અસરગ્રસ્તોને રૂ. ૫૦.૪૪ કરોડની સહાય જંગી ચૂકવી તેમનું જીવન પૂર્વવત કરવા તંત્ર દ્વારા રાત દિવસ કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લાકના તમામ ગામો, નગરપાલિકા વિસ્તાર, તમામ સબ સ્ટેશનો તેમજ પાણી પુરવઠા વોટર વર્કસ સ્ટેશનમાં વીજ પુરવઠો નિયમિત રીતે ચાલુ કરી દેવાયો છે. જિલ્લામાં ૧૬૭ રાહત કેમ્પ ધ્વારા કુલ-૭૮,૨૩૮ વ્યક્તિઓને જમાડવામાં આવેલ છે અને હવે રાહત કેમ્પની જરૂર ન હોવાથી બંધ કરવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લામાં ૬૧,૪૫૫ રાશન કીટોનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ ગામ સાથે સંદેશા વ્યવહાર પૂર્વવત થઇ ગયો છે અને એસ.ટી.ની તમામ ૨૩૫૩ ટ્રીપો ૧૦૦ ટકા ચાલુ છે.

જિલ્લાના કુલ ૧૪ તાલુકાઓમાં કુલ-૧૨,૨૪૫ પશુઓના મૃત્યુ નોંધાયા છે તે તમામ પશુઓના મૃતદેહનો નિકાલ કરી ૧૬૫૭ કેસોમાં રૂ. ૩.૬૦ કરોડની સહાય ચુકવી દેવામાં આવી છે. જિલ્લામાં પૂરથી અસરગ્રસ્ત કુલ ૫૪૪ રસ્તાઓમાંથી ૫૨૬ રસ્તાઓ ચાલુ થઇ ગયા છે અને ૧૮ રસ્તાઓ પર રીપેરીંગનું કામ ચાલુ છે. જિલ્લાને ૧૯૫૦ લાખ કિ.ગ્રા. ઘાસ ફાળવવામાં આવ્યું છે જે પૈકી ૪૬૮ ગાડીમાં ૧૫.૨૮ લાખ કિ.ગ્રા. ઘાસની આવક થઇ છે જેમાંથી ૧૪.૦૨ કિ.ગ્રા. ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે.

### જમીન ધોવાણ સર્વે સહાયની કામગીરી પૂરજોશમા...

મકાન/ ઝુંપડા અને પાક નુકશાન તથા જમીન ધોવાણ સર્વે અને સહાયની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લામાં શહેરી વિસ્તારમાં કુલ ૧૦૯૧ મકાનોનો સર્વે કરી મકાન સહાય પેટે રૂ.૨૩.૪૩ લાખ ચુકવવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ-૬,૫૮૨ મકાનોનો સર્વે કરી ૨૭૧ મકાન સહાય પેટે રૂ. ૨૪.૧૯ લાખ ચુકવવામાં આવ્યા છે. જિલ્લામાં ૨,૪૮,૪૫૫ હેકટર વિસ્તારમાં જમીન ધોવાણ થયુ હોવાનો પ્રાથમિક અંદાજ છે. પાક નુકશાન અન્વયે ૪૧૧ ગામોમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અનુસંધાન પાના નં.૬

## પાલનપુર ખાતે બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા ધરણાં યોજી પાઠવાયું આવેદનપત્ર



સંજય જોશી

પાલનપુર

કૉંગી કાર્યકરોએ ચક્કાજામ કરી કર્યો ભાજપ વિરોધી સુત્રોચ્ચાર.

કૉંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી પરના હુમલાના વિરોધમાં પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કૉંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરી ધરણાં યોજી કલેક્ટર ને આવેદનપત્ર પાઠવાયુ હતું. પૂરગ્રસ્ત બનાસકાંઠાની મુલાકાતે આવેલા કૉંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર થયેલા હુમલાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. રાહુલ ગાંધી પરના હુમલાના વિરોધમાં આજે પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કૉંગ્રેસ દ્વારા ધરણાં યોજી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં કસુરવારોને નશ્યત કરવાની માંગ કરી હતી.બાદમાં રોષે ભરાયેલા કૉંગ્રેસી કાર્યકરોએ ચક્કાજામ કરી પોતાનો વિરોધ જતાવ્યો હતો. કૉંગ્રેસી કાર્યકરોએ ચક્કાજામ કરી ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કરતા વાતાવરણ ઉત્તેજનસભર બન્યું હતું.

## પાંથાવાડાના સાતસણ પાટિયા પાસે ડસ્ટર કારે બાળકીને અડફેટે લેતા મોત

પાથાવાડા

દાંતીવાડા તાલુકાના પાંથાવાડા પાસે આવેલા સાતસણ પાટિયા પાસે શનિવારે ડસ્ટર કારે બાળકીને અડફેટે લેતા તેનું સ્થળ પરજ કરૂણ મોત નીપજ્યું હતું.પોલોસે નાશી છુટેલા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. પાંથાવાડા પોલીસ મથકના સુત્રોના જણાવ્યા અનુસાર દાંતીવાડા તાલુકાના નાની મહુડી ગામના એક પરીવારના લોકો દર્શન કરી સાતસણ ગામથી પરત આવતા હતા.ત્યારે સાતસણ પાટિયા પાસે ગુંદરી તરફથી આવતી ૪૯૧૮ નંબરની સફેદ કલરની ડસ્ટર કારના ચાલકે પુર ઝડપે પાંચ વર્ષીય શિલ્પાબેન ભરતભાઈ ઠાકોરને અડફેટે લેતા સ્થળ પરજ કરૂણ મોત નીપજ્યું હતું.અનુસંધાન પાના નં.૬

# કાંકરેજના પૂરગ્રસ્ત વિસ્તારમાં સુકા ઘાસચારાની તંગી

### બનાસડેરી ગ્રાહકોને એક - એક "સુકા ઘાસનો ગંઠો"નું અને સેવાભાવી સંસ્થાઓ-લોકો દ્વારા પણ લીલા - સુકા ઘાસ ચારાનું વિતરણ : તંગી નિવારવા સામુહીક પ્રયાસો સરાહનીય



યશપાલસિંહ ટી.વાઘેલા



તાલુકા પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના બનાસનદી તટને આજુબાજુના કેટલાક ગામડાંઓમાં બનાસનદીના ઘોડાપૂર - નર્મદા નહેરના પાણીએ સંયૂક્ત રીતે ભારે તારાજી સર્જી છે જેના પડઘા રાજ્યમાં ભારે પડ્યા છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં લીલા - સૂકા ઘાસચારાની ભારે તકલીફ ઉભી થઈ છે. પૂરના પાણી ઓસરતાં ને જમીન પગવરણી થતાં લીલા ઘાસચારાની તંગી ધીમે ધીમે દૂર થઈ રહી છે. પણ સૂકા ઘાસ ચારા માટે જે વિસ્તારમાં પશુધન વધુ છે ત્યાં ભારે તંગી જોવા મળે છે. ઉણ આજુબાજુ ગામડામાં પશુ પાલકો નેશનલ હાઈવે પર કે સ્ટેટ હાઈ-વે ગ્રામ્ય પાકા રસ્તે પશુ લઈને આવ્યા છે તો ખેત વિસ્તારમાંથી સુકો ઘાસ ચારો પૂરના પાણીમાં તણાયો કે ખરાબ થઈ ગયો છે. પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે કે સહાય સામગ્રી વિતરણ કરવા જતા લોકોને ઘાસચારાની તંગી હોવાની બૂમરાડ વધુ સાંભળવા મળે છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી સેવાભાવી સંસ્થા લોકો દ્વારા જ્યાંથી ઘાસચારો પ્રાપ્ત થાય ત્યાંથી મેળવીને આવા વિસ્તારમાં બનાસડેરી દ્વારા સૂકા ઘાસના ગંઠા મંગાવી તેના ગ્રાહકોને એક એક ગંઠો દુધ ડેરીના પત્રના આધારે આપવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળે છે કેટલાક વિસ્તારમાં ઘાસચારાની લૂંટફાટ શરૂ થઈ છે. સેવાભાવી સંસ્થાઓ-લોકો-રાજકીય-પાર્ટીઓ દ્વારા પશુપાલકો સુધી ઘાસચારો પહોચે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. જે ગામમાં ઘાસચારાની વધુ તંગી હોય તેમણે સરપંચ તલાટી દ્વારા આવી સેવા ભાવી સંસ્થા લોકોને જાણ કરવી જોઈએ. ઉણ - માનપુરા - ભદ્રવાડી સાકરીયા - સોનપુરા સહિતના વિસ્તારમાં ઘાસચારાનો કકળાટ વધુ જોવા મળ્યો હતો.

સૂર્યોદય - ૬.૧૨ સૂર્યાસ્ત - ૭.૧૯

## તિથિદર્શન

શ્રાવણ સુદ-૧૪ રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : ચૌદસ રવિવાર નક્ષત્ર : ઉત્તરષાઢા રાત્રે ૧.૪૬ પછી શ્રવણ યોગ: પ્રીતી કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) સવારે ૬.૦૯ પછી મકર (ખ.જ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

## દહ્યમાના સુતીક્ષણેન નીચાઃ પર યશોગ્નિના અશક્તાં તત્પદં ગન્તું તતો નિંદા પ્રકુવ્તિ

'હલકા અને દુર્જન લોકો બીજાના યશ જોઈને બહુમાન- સત્તા પદ જોઈને ઈર્ષાના તીવ્ર અગ્નિથી બળીને ભસ્મ થઈ જાય છે, તેને કારણે જ આવા લોકો ઉચ્ચ પદને પામી શકતા નથી. જેને પરિણામે બઢતી-ઉન્નતિ મેળવનાર વ્યક્તિની નિંદા કરે છે.'

આજે લોકો ઈર્ષાથી ભરપૂર છે. જે માણસ સત્કાર્ય કરે છે, નિષ્ઠાપૂર્વક દેશ અને રાષ્ટ્રની સેવા કરે છે તેને લોકો સ્વયંભૂ આદર આપે છે. સામાન્ય વ્યક્તિ, મિલિટરી વાહનનો ડ્રાઈવર એક નિષ્ઠા, સત્ય અને પ્રામાણિકપણે લડત કરી પોતાનું સ્થાન બનાવ્યું. એવા 'અન્ના હજારે' રાષ્ટ્રીય નેતા તરીકે સ્થાપિત થઈ ચૂક્યા છે પણ ઈર્ષાખોરો તેમને પછાડવા તેમના સાથીદારોના દોષ કાઢી તેમને પછાડવા પ્રયત્નો કરે છે. બાબા રામદેવે જનજાગૃતિનું આંદોલન ઉપાડ્યું એમાં પણ અડચણ ઉભી કરી. વાસ્તવિકતા એ છે કે જે પોતે પ્રાપ્ત નથી કરી શકતા એ ઢોળી નાખવાની વૃત્તિ ધરાવે છે, ઘાસની ગંજીના કૂતરા જેવી ઈર્ષાવૃત્તિથી બીજાની પ્રગતિમાં પથરા નાખે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) અટકેલા કાર્યોમાં પ્રગત્તિ થાય. મિલન - મુલાકાત સફળ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મીક મુસાફરી થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.**
**કર્ક : (ડ.હ.) લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે**
**સિંહ : (મ.ટ.) પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ખર્ચ પર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.**
**તુલા : (ર.ત.) આકસ્મીક ધનલાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.**
**વૃશ્ચિક :(ન.ય. ) વાહન-જમીનથી લાભ થાય. જીવસાથીથી વિશેષ સ્નેહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.**
**મકર : (ખ.જ.) સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.**
**મીન : (દ.ચ.જ.થ.) મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.**

## ડીસા તાલુકાના ઢેઢાલ ગામે પૂર અસરગ્રસ્તોને કેશડોલ અપાઈ

પ્રતિનિધિ ઢેઢાલ

બનાસકાંઠામાં પૂરપ્રકોપને પગલે રાહત કામગીરીમાં સરકારે મંત્રીઓને પણ જોડ્યાં છે. ત્યારે ડીસા તાલુકાના ઢેઢાલ ગામે કેબીનેટ મંત્રી આત્મારામભાઈ પરમાર, ઢેઢાલ ગામની મુલાકાતે આવેલ. જેમાં હસ્તે પૂરપીડીતોને કેશડોલનું વિતરણ કરવામાં આવેલ. તેમની સાથે એસ.ટી.નિગમના ડિરેક્ટર દિનેશભાઈ અનાવાડીયા, તાલુકા ભાજપ પ્રમુખ લેબજીજી ઠાકોર, પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ, વિજયભાઈ ચક્રવર્તી, જિલ્લા સદસ્ય ખેતાભાઈ કોલા, સરપંચ ભરતભાઈ કાલોર, માજી સરપંચ જગમાલભાઈ અજાણા, ગોવાભાઈ કોલા, ડે.સરપંચ પરબતભાઈ કોલા, તલાટી કિર્તીભાઈ, વિરચંદજી ઠાકોર, ગેમરજી ઠાકોર, ગોવિંદભાઈ રાવળ, યુવાનો તેમજ વડીલો તથા પત્રકાર નરસિંહભાઈ રાવળ હાજર રહ્યા હતા. બાકી રહેલા પૂરપીડિતોને સરપંચ અને તલાટી કમમંત્રી દ્વારા ઘેર- ઘેર જઈને કેશડોલનું વિતરણ કરવામાં આવેલ. સરપંચ ભરતભાઈ તેમજ ડે.સરપંચ પરબતભાઈની કામગીરીને ગામલોકોએ બિરદાવેલ.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

### બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર

## પશુ ખરીદી જાગૃતિ અભિયાન - પાડી/વાછરડી ઉછેર અભિયાન

પાલનપુર

આથી આપણા સંઘની તમામ દૂધ મંડળીઓના દૂધ ઉત્પાદકો / પશુપાલકોને ખાસ જણાવવાનું કે જયારે જયારે આપણા દૂધ ઉત્પાદકોને સંઘ કે મંડળી દ્વારા વર્ષના અંતે તથા સમયાંતરે દૂધના નાણા ચુકવવામાં આવે છે ત્યારે આપણા જિલ્લા કે આપણા રાજયની બહારના વેપારીઓ દ્વારા આપણા જિલ્લામાં ઠેરઠેર એચ.એફ. ગાયોનું વેચાણ વધારી દેવામાં આવે છે, જેમાં નીચે પ્રમાણેના જોખમો રહેલા છે. વેપારીઓ કોઈ પણ સચોટ માહિતી વગરની અજાણી જગ્યાએથી એચ.એફ. ગાયો ખરીદતા હોય છે જેની કિંમત ગાયની ઉત્પાદન ક્ષમતા કરતા વધારે લેવામાં આવે છે.

આવા વેપારીઓ પાસેથી ખરીદેલ ગાભણ ગાયોનું વિયાણ બાદ દૂધ ઉત્પાદન ખરીદતી વખતે જણાવેલ હોય તેના કરતા ઓછું હોય છે. આ ગાયોને દૂરદૂરથી વાહનોમાં લાવવામાં આવે છે અને તેમને દર્દશામક દવાઓ આપેલી હોય છે, પરંતુ ખરીદી કર્યાં બાદ ઘરે આવીને આવી ગાય બિમાર થાય છે, અને ઘણીવાર મૃત્યુ પણ પામે છે. આ ગાયોની ઉત્પાદન ક્ષમતા કે આનુવાંશિક ગુણોની કોઈ આધારભૂત માહિતી વેપારી પાસે હોતી નથી. આ ગાયોમાં ઘણીવાર કોઈ પણ જાતનું રસીકરણ કરેલ હોતું નથી આથી અપણા પશુધનમાં રોગચાળો ફેલાવવાનો ભય વધારે રહેલો છે તેમજ તેમાં બિમારી અને મૃત્યુનું પ્રમાણ વધારે જોવા મળે છે.

આ ગાયોમાં એચ.એફ. જાતના ગુણોની ટકાવારી વધુ હોવાથી આપણા જિલ્લાના વાતાવરણમાં આ ગાયો અનુકૂળ થઈ શકતી નથી અને બિમાર થઈને ઘણી વખત મૃત્યુ પામે છે જેના લીધે દૂધ ઉત્પાદકોને મોટું આર્થિક નુકસાન થાય છે.

તાજેતરમાં બનાસ ડેરીના વેટરનરી વિભાગ દ્વારા એક સર્વે કરેલ હતો. તેમાં આપણા જિલ્લાના ૧૬ પશુમાલિકોએ છેલ્લા એક વર્ષ દરમિયાન બહારના રાજ્યો અને વેપારીઓ પાસેથી કુલ ૫૯ એચ.એફ. ક્રોસ ગાયો ખરીદેલ હતી. જેમાંથી ૧૪ (૨૩.૭૩%) ગાયો મરણ પામેલ અને ૨૩ (૩૪%) ગાયોને જુદી જુદી બિમારી થઈ હતી આથી તે ૨૩ ગાયોનું દૂધ ઘટીને અડધું થયેલ હતું. આ સર્વે પ્રમાણે પશુમાલિકોને પશુખરીદી પાછળ લગભગ રૂ. ૩૩,૬૬,૦૦૦/- ખર્ચ થયેલ હતો. આ પશુની ખરીદી પછી ગાયોના મૃત્યુના કારણે અને દૂધ ઘટાડાથી અંદાજિત રૂ. ૧૮,૩૬,૭૨૦/- (૫૪.૫૭%)નું નુકસાન વેઠવું પડેલ હતું. દર વર્ષે આશરે જિલ્લામાં ૨૦,૦૦૦ થી વધુ એચ.એફ. ગાયોની ખરીદી કરવામાં આવે છે, આપણા જિલ્લામાં સારું પશુધન હોવા છતાંય રૂ. ૧૦૦ કરોડ જેટલી માતબર રકમ બહાર જાય છે. આથી તમામ દૂધ ઉત્પાદકોને પરપ્રાંતની એચ.એફ.ગાયો / પશુધન ન ખરીદતા આપણા જિલ્લામાંથી જ પશુધન ખરીદી કરવા કે ઘરે વાછરડી/પાડી ઉછેર કરવા આગ્રહપૂર્વકની ભલામણ છે.

## ભૂલકાં દ્વારા પોલીસને પ્રેમનું બંધન




રક્ષાબંધન પર્વ નિમિત્તે દરેક ભાઈને બહેન દ્વારા પ્રેમના બંધનના પ્રતીક સમાન રાખડી બાંધવામાં આવે છે પરંતુ તહેવારોમાં પણ રાત દિવસ ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓના કાંડે પણ રક્ષાની દોર બંધાય તે માટે ડિસાની કિડ ઝી સ્કૂલની શિક્ષિકા બહેનોએ નાના નાના ભૂલકાં દ્વારા પોલીસને રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજાતા ડીસા ઉત્તર પોલીસ મથકે પી આઈ,પી એસ આઈ સહિતના કર્મચારીઓને રાખડી બાંધવામાં આવી હતી.



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય સુરત ના વિદ્યાર્થીઓએ દેશ નું રક્ષણ કરી રહેલા વીર જવાનો માટે જાતે રાખડી બનાવી મોકલેલ છે. તેના પ્રતિક રુપે રાખડીની ડિઝાઈનમાં બેઠેલા વિદ્યાર્થીઓ !!!

## ઇન્દ્રેશ્વર મહાદેવની કથા



પ્રાચીનકાળમાં એક વાર સ્વર્ગના રાજા ઈન્દ્રએ મહર્ષિ ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપનો વધ કરી નાખ્યો. આથી મહર્ષિ ત્વષ્ટા ખૂબ જ દુઃખી થયા અને ક્રોધે ભરાયા. તેમણે નક્કી કર્યું કે, પુત્રના વધનો બદલો લેવા દેવરાજ ઈન્દ્ર અને દેવોનો નાશ કરવો.

મહર્ષિ ત્વષ્ટાએ ઉગ્ર તપ આદરી અને બ્રહ્મમાજીને પ્રસન્ન કર્યા. બ્રહ્માજી પાસેથી તેમણે વરદાન માંગ્યું કે પુત્રની હત્યાનો બદલો લઈ શકે તેવો પુત્ર આપો. પ્રસન્ન થયેલા બ્રહ્માજીના વરદાનથી મહર્ષિ ત્વષ્ટાને ત્યાં વૃત્ર નામનો મહાપ્રતાપી અને મહાપરાક્રમી પુત્ર થયો. તે પોતાના પિતાજીની આજ્ઞા અનુસાર દેવરાજ ઈન્દ્રથી બદલો લેવા માટે ઘોર તપસ્યા કરવા લાગ્યો. તેના ઘોર તપથી ડરી ગયેલા ઈન્દ્રએ દધીચિ ઋષિના અસ્થિઓમાંથી બનાવેલા વજ્ર વડે વૃત્રને મારી નાખ્યો.

વૃત્રની હત્યાથી હાહાકાર વર્તાયો. દેવરાજ ઈન્દ્રને બ્રહ્મહત્યાનું પાપ લાગુ પડી ગયું. શાસ્ત્રોમાં બતાવ્યું છે કે, બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરૂપત્નીગમન અને વિશ્વાસઘાત એ બધા જ મહાપાપ છે. આ પાપના ફળ ભોગવ્યા વિના છૂટકો જ નથી. આ બ્રહ્મહત્યાના પાપનો ભોગ બનેલા દેવરાજ ઈન્દ્ર અત્યંત દુઃખી થઈ ગયા. દુઃખી થયેલા ઈન્દ્રએ ઈન્દ્રાસન (સ્વર્ગનું રાજપાટ) અને ઈન્દ્રાણીનો ત્યાગ કર્યો. બધું જ છોડીને તેઓ તપ કરવા નીકળી ગયા. દેવરાજ ઈન્દ્રે અનેક તીર્થ, મંદિર, નદીઓ વગેરેની યાત્રા કરી અને પૂજા-અર્ચના કરી પરંતુ હસ્તાના ફળમાંથી મૂક્તિ ન મળી.

**શ્રાવણ સત્સંગ**
**-કનકચંદ્ર સી. વ્યાસ**
**-દેવેન કે. વ્યાસ**

આખરે હારી-થાકીને દેવરાજ ઈન્દ્ર રેવાક્ષેત્રમાં પહોંચ્યા. ત્યાં તેવા પરમકૃપાળુ ભગવાન શિવજીના આરાધના કરવા માંડ્યા. ત્યાં રહી તેમણે કૃચ્છ્રચાન્દ્રાયણ જેવા અત્યંત આકરા વ્રત કર્યા. તે ગરમીની ઋતુમાં પંચાગ્નિને તાપતા હતા. વર્ષાઋતુમાં ખુલ્લા મેદાનમાં બેસીને ભીંજાતા હતા. ઠંડીની ઋતુમાં ભીના કપડા પહેરીને ભગવાન શિવજીના આરાધના કરતા રહ્યા. આ પ્રકારે ઉગ્ર તપ કરતા કરતા લગભગ દસ હજાર વર્ષ વિતી ગયા.

એક દિવસ દેવરાજ ઈન્દ્રના તપથી પ્રસન્ન થયેલા શિવજી પ્રગટ થયા. બરાબર આ સમયે સમસ્ત દેવતાઓ અને ઋષિગણ પણ ત્યાં આવી પહોંચ્યા. દેવોના ગુરૂ બૃહસ્તપતિ મહારાજ પણ ત્યાં ઉપસ્થિત હતા. તેમણે બધાએ સાથે મળી અને શિવજીને પ્રણામ કરી અને વિનંતી કરી,"દેવલોકના કલ્યાણ અને રક્ષણની ભાવના સાથે જ દેવરાજ ઈન્દ્રએ વૃત્રાસુને મારેલો. જેના કારણે દેવરાજ ઈન્દ્ર બ્રહ્મહત્યાના પાપના ભોગ બનેલ છે. હવે એ પાપમાંથી મૂક્ત થવા માટે તમણે કેટલીયે યાત્રાઓ કરી અને તપ કર્યા પરંતુ તેમને શાંતિ પ્રાપ્ત થતી નથી. હવે, હે ઉમાપતે, તમે કૃપા કરી એવું વરદાન આપો કે જેના કારણે તેઓ આ મહાપાપમાંથી છૂટકારો મેળવી શકે."

દેવોના પ્રાર્થના સાંભળી ભગવાન શિવજીએ બ્રહ્માજીને આજ્ઞા આપી. બ્રહ્માજીએ દેવરાજ ઈન્દ્રના બ્રહ્મહત્યાના ચાર ભાગ કરી જુદી-જુદી જગ્યાએ તેને ફેંકી દીધા.

બ્રહ્મહત્યાના પાપમાંથી મૂક્ત થયેલા દેવરાજ ઈન્દ્રને શિવજી કહેવા લાગ્યા,"હું તારા પર અત્યંત પ્રસન્ન છું. માટે તું વરદાન માંગ."

ત્યારે સ્વસ્થ થયેલા દેવરાજ ઈન્દ્રએ બે હાથ જોડી શિવજીને દંડવત પ્રણામ કર્યા. પછી પ્રાર્થના કરી,"હે, ભગવાન આસુતોષ, હું આ પવિત્રક્ષેત્રમાં શિવલિંગ સ્થાપિત કરું છું. તમે સદાય તેમાં બિરાજમાન રહી ભક્તોની ઈચ્છાને પરિપૂર્ણ કરતા રહેજો. જે પાપીઓ હોય તેઓને પાપમાંથી મૂક્ત કરજો."

દેવરાજ ઈન્દ્રની આ પ્રાર્થના સાંભળી પ્રસન્ન થયેલા ભગવાન શ્રી સદાશિવે તથાસ્તુ કહ્યું અને ત્યાંથી અંતરધ્યાન થઈ ગયા. ત્યારપછી નર્મદા નદીના દક્ષિણ તટ પર દેવરાજ ઈન્દ્રએ વિધિવત્ રીતે શિવલિંગની સ્થાપના કરી. જે જગતમાં ઈન્દ્રેશ્વર મહાદેવ તીર્થ તરીકે પ્રસિધ્ધ થયું. સ્કંદપૂરાણમાં જણાવ્યા મુજબ આ સ્થળે શિવજીની પૂજા-અર્ચના કરનારને અશ્વમેધ યજ્ઞના ફળની પ્રાપ્તિ થાય છે અને તે પાપમાંથી મૂક્ત થાય છે.

## કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના બનાસકાંઠા જિલ્લા મંત્રીની વરણી કરાઈ



પાંચડા

કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન ના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાકેશ નરવરજી અને આંતરરાષ્ટ્રીય મહિલા વિંગના અધ્યક્ષ નમામી પંડ્યાજી ની અનુમતિ થી અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી કુલ્દીપસિંહ ચુડાસમા અને ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી મુકેશભાઈ દરજીની ભલામણ થી મોઢ મોદી સમાજના બનાસકાંઠા જિલ્લા યુવા અગ્રણી લલિતભાઈ એન. મોઢ ની કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના બનાસકાંઠા જિલ્લા મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામોં આવતા સર્વત્ર વડગામ તાલુકાના એમના મિત્રવર્તુળ મોં આનંદની લાગણી છવાઈ અને અભિનંદન ની વર્ષો થઈ રહી છે.

## સાંતલપુર તાલુકામાં પુરગ્રસ્તોને સહાયમાં ભેદભાવની રજૂઆત

### કોંગ્રેસ આગેવાનોની ઉપવાસ ઉપર ઉતરવાની ચિમકી




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર - સાંતલપુર તાલુકા કોંગ્રેસે તંત્ર દ્વારા અમુક ગામોમાં સહાય ચૂકવવામાં ભેદભાવ રાખવામાં આવતો હોવાની રજૂઆત તાલુકા વિકાસ અધિકારીને કરી હતી. ભેદભાવ રાખવામાં આવતા ગામોમાં લીમગામડા, ડાભી, ઉનરોટ પર, રાજુસરા, છાણસરા, વાઘપુર, નવા ગામ, ભરૂષા, ગાંજીસર, ઝાંઝણસર, આંતરનેશ રાણીસર, ગોખાતર, ગડસઈ, અસિયાણા ઝાઝામ, ક્લિાણા, વરણોસરી સહિતના ગામોનો સમાવેશ થાય છે. જ્યારે વારાહી ગામમાં પણ હરિજન વાસ, ઠાકોર વાસ, સિપાઈ વાસ, ભરવાડ વાસ, પ્રજાપતિ વાસ, પથરાવાસ, હંસરાજ વાસ, મુરલીધર વાસ સહિતના વિસ્તારોમાં સહાય ચુકવવામાં વહાલા દવલાની નીતિ રાખવામાં આવી છે. રાધનપુર તાલુકા પ્રમુખ નવિનભાઈ પટેલ, સાંતલપુર તાલુકા પ્રમુખ મહેબુબખાન મલેક, લવિંગજી સોલંકી, જાહિદખાન મલેક, કાનજીભાઈ પરમાર, વારાહી સરપંચના પતિ અલેફખાન મલેક સહિતે જો સહાય ચૂકવવામાં વ્હાલ દવલાની નીતિ બંધ કરવામાં નહિ આવે તો ઉપવાસ ઉપર બેસવાની ચિમકી આપવામાં આવી છે.

## જાકોલના અસરગ્રસ્તોને સાંત્વના




પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના જાકોલ ગામની મુલાકાતે આવેલ દલીત સેનાના રાષ્ટ્રીય સચિવ મુકેશભાઈ ગુર્જરે (દીલ્હી) ગામના પુર ગસ્ત વિસ્તારમા આવેલ અસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી . જેમણે જણાવ્યુ હતુ કે અમે દુઃખમાં સહભાગી બનવા માટે આવ્યા છીએ. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે આ કુદરતી આફતમા ખેડૂતને ઘણુ બધુ નુકસાન થયુ છે. એનું અમને બહુ દુઃખ લાગ્યુ છે. પણ હવે કોઈ ગભરાશો નહી અમે તમારી પડખે છીએ તેવો ભરોશો આપ્યો હતો. સરકાર તમને મદદરૂપ થાય એવો અમે સતત પયાશ કરીશુ તેવો વિશ્વાશ આપ્યો હતો, જેમનો જાકોલ ગામના અસરગ્રસ્તોએ આભાર માન્યો હતો.

## શ્રી ગુરુકુળ વિદ્યામંદિરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી




પ્રતિનિધિ થરાદ

શનિવારના રોજ થરાદની શ્રી ગુરુકુળ વિધામંદીરમાં ભાઈબહેનના હેત,અતુટપ્રેમ અને લાગણીઓ તથા વિશ્વાસથી ભરપુર એવા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાળાની તમામ બાલિકાઓએ વિધાર્થીઓને અને શિક્ષિકાઓએ શાળાના સંચાલક દશરથભાઈ દવે સહિત સહઅધ્યાપક ભાઈઓને રક્ષાબાંધી તેમના અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ અને લાંબી ઉમરના આશિર્વચન આપ્યા હતા.શાળા તરફથી દરેક બાલિકાને પેન્સીલ,બૉલપેન,ચોપડા આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે ક્વીઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## લોહાણા મહાપરિષદના પ્રમુખ અને ટીમે બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

ડીસા

ગત બુધવાર લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટક, ખજાનચી હિંમતભાઈ કોટક, સંયુક્ત મંત્રી હર્ષદરાય ઠક્કર, અગ્રણીઓ મનુભાઈ ઠક્કર અને અજયભાઈ ઠક્કર સહિતની સમગ્ર ટીમ પણ બનાસકાંઠામાં આવી હતી અને અસરગ્રસ્તોની મુલાકાત લઈ મદદરૂપ થયા હતા. પાલનપુર રઘુવંશી લોહાણા સમાજના ભાઈઓ સાથે બેઠક કરી સૌને સાંત્વના પાઠવી ડીસા પધારેલ પ્રવિણભાઈ કોટક અને ટીમે જલારામ મંદિરે દર્શન કરી જલારામ સેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી. સમગ્ર સેવાકેમ્પની વિગતો ભગવાનભાઈ બંધુ, શશીકાંતભાઈ ડી. ઠક્કર અને સુરેશભાઈ દેવવાળા પાસેથી મેળવ્યા બાદ તેમણે અસરગ્રસ્તોને રેશનકીટ, વાસણકીટ, ધાબળા અર્પણ કર્યા હતા. અંદાજે અઢી લાખ રૂપિયાનું બાલાજી નમકીન અસરગ્રસ્તો માટે પૂરું પાડ્યું હતું. ડીસાથી તેઓએ થરા, ઉણ, રાધનપુર સમાજના ભાઈઓ સાથે બેઠક કરી સાંત્વના પાઠવી હતી. તેમની સાથે પ્રવાસમાં ડીસાથી ભગવાનભાઈ બંધુ, રજનીભાઈ કુવરવાળા, બાબુભાઈ પ્રાઈમવાળા, રમેશભાઈ સ્વાતીવાળા, નિલેષભાઈ ઠક્કર, દિનેશભાઈ વી. બજેઠીયા, અતુલભાઈ એસ. ઠક્કર જોડાયા હતા. થરા જલારામ મંદિર ખાતે પણ અચરતભાઈ ઠક્કર, વિજયભાઈ ઠક્કર, રાજુભાઈ લાટીવાળા, ચમનભાઈ ઠક્કર, નિરંજનભાઈ ઠક્કર, કનુભાઈ ભોગીલાલ ઠક્કર સહિત વિવિધ આગેવાનો સાથે ચર્ચા કરી તમામ પ્રકારની મદદની ખાત્રી આપી હતી. ઉણ હાઈસ્કુલ અને કોલેજ ખાતે પણ પ્રહલાદભાઈ આઈ. ઠક્કરને સાથે રાખી થયેલ નુકશાનનો તાગ મેળવ્યો હતો. રાધનપુર ખાતે પૂજ્ય રમાબેનજી હરિયાણીની નિશ્રામાં રઘુરામભાઈ આર.ઠક્કર, વિનોદભાઈ ગોકલાણી, મહેશભાઈ મુલાણી, રાયચંદભાઈ ઠક્કર, પ્રકાશભાઈ દક્ષિણી, ગંગારામભાઈ ઠક્કર સહિત સૌ આગેવાનો સાથે ચર્ચા કરી સમાજજનો અને અસરગ્રસ્તોને આશ્વાસન આપી તમામ પ્રકારની મદદની ખાત્રી આપી હતી. પ્રવિણભાઈ કોટકે સમાજજનોને વિનંતી કરી તમામ અસરગ્રસ્તોને મદદરૂપ થવા પણ હાકલ કરી હતી.

## સાયન્સ સિટી ખાતે શિક્ષકો માટે ફિઝિક્સના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું



અમદાવાદ

સાયન્સ સિટી ખાતે શિક્ષકો માટે ફિઝિક્સ ના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં૧૦૦ જેટલા ફિઝિક્સ વિષયના શિક્ષ-કો અને વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓ ફિઝિક્સનેસમજે અને યાદ રાખે તેવો હતો છે. સવારમાં ઉઠવાથી લઈને રાત્રે સુવા સુધીની દિનચર્યામાં પણ ફિઝિક્સનો મહત્વનો ભાગછે. સાયન્સ ના મોટાભાગ ના સિદ્ધાંતો અને નિયમો ફિઝિક્સ ને સાંકળે છે. બે દિવસ માટે યોજાનારા આ કાર્યક્રમને શિક્ષકોનેલાઈવ પ્રયોગો દ્વારા સમજવામાં આવ્યો હતો.આ વર્કશોપ માટે ડો. સમર બાગચી ઉપસ્તિથ રહ્યા હતા. દૂરદર્શન માં 'પોપ્યુલર સાયન્સ ક્વિઝ&#39 માટે તેઓ જાણીતું નામ છે.તેમને ૧૦૦થી વધારે વર્કશોપ ઈન્ડિયા માં કર્યા છે. તેમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ ગોખીને પાસ થવા કરતા સમજીને જીવનમાંઉતારે તો તેનો ફાયદો આપણા સમાજને થશે. આજની શૈક્ષણિક પદ્ધતિ ને ધ્યાનમાં રાખીન'દેખાયેલું સમજાશે' ની નીતિ સાથે તેઓ લાઈવ ડેમોસ્ટ્રેશન કરે છે. જેથી લોકો જોયેલું યાદ રાખે.

કાર્યક્રમમાં ડો. સમર બાગચીએ હવાનું બાષ્પીભવન કેવી રીતે થાય, વરસાદ કેવી રીતે આવે છે, હવાની ગતિ, આ બધાના તેમણેલાઈવ ડેમોન્સ્ટ્રેશન આપીને સમજાવ્યું. લોકોને થીઅરી ખબર હોય છે, પણ જયારે પ્રેકટીકલ પૂછવામાં આવે ત્યારે તેમણે જવાબઆપવામાં તકલીફ પડે છે. જેનું નિરાકરણ ડો. સમર બાગચી દ્વારા આ વોર્કશોપમાં કરવામાં આવ્યું હતું.

## રાજપૂત સમાજ યુવક મંડળ દ્વારા સહાય




પ્રતિનિધિ થરાદ

થરાદ, વાવ, સુંઈગામ રાજપૂત સમાજ યુવક મંડળ દ્વારા અંદાજીત ૨૦૦૦૦૦ રૂ જેટલા ફાળો એકત્રીત કરી ને પથમેડા ગૌ શાળામાં બનાસ દાણ મુકવામાં આવ્યું. થરાદ ડાગેશ્વર ગૌ શાળા ૨.૫ લાખ રૂપિયાનો ફન્ડ ફાળો દાતાઓ પાસેથી ભેગો કરી અને ડાગેશ્વર ગૌ શાળાના સંચાલકો દ્વારા પથમેડા ગૌ શાળામાં અપાયું . પથમેડા ગૌશાળામાં ભારે વરસાદ ના કારણે મોટી સંખ્યામાં ગૌમાતાનું મોત નીપજયા હતા જેને લઈ અને અનેક દાતાઓ દ્વારા દાન અપાયું.

## પેપરાલ પ્રાથમિક શાળાના બાળકોને તિથિભોજન




પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના પેપરાલ ગામની પ્રાથમિક શાળાના બાળકોને દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસ નિમિત્તે ગામના દાતા પટેલ ચેલાભાઈ પચાણભાઈ (કાથરોટીયા) અને પટેલ ઈશ્વરભાઈ શિવાભાઈ (કાથરોટીયા) પરિવાર દ્વારા તિથિભોજન આપવામાં આવ્યું હતું. પૌષ્ટિક પાકા તિથિભોજનથી બાળકોમાં ખુશાલી છવાઈ હતી. ત્યારે દાતા પરિવારના બાળ પ્રેમને શાળાના આચાર્ય ઈકબાલભાઈ અને સ્ટાફ તથા આગેવાનોએ બિરદાવ્યો હતો.

## સમસ્ત પ્રકૃતિ આપવામાં ઉદાર છે જ્યારે સ્વાર્થી માણસ ઉધાર છે : રાજરક્ષિત વિજયજી મ.

ડીસા

આજના સ્વાર્થ પરાયણ જગતમાં જ્યારે ચારેબાજુ "તું મારો બરડો ખંજવાળ , હું તારી પીઠ ખંજવાળું" એવી નિતિ ચાલતી હોય ત્યારે બિનશરતી યોગદાનની વાત કરીએ તો કેવું લાગે !! કદાચ ઘણાને એ વાત વધુ પડતીય લાગે, એમ છતાં શાશ્વત સુખ અને સફળતા માટે એના જેવી અકસીર બાબત બીજી એકેય નથી એ સમજી લેવાની જરૂર છે.શ્રી વાસુપૂજયજિનાલય મહાવીર સોસાયટી નવસારીમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની નિશ્રામાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે, સ્વાર્થભાવ એ પશુતા છે.પરાર્થભાવ એ માનવતા છે.સ્વાર્થી માણસને લેવાનું ગમે છે.પણ દેવાનું ગમતું નથી.ઉડાઉ માણસને ઉદાર બનાવી શકાય પરંતુ સ્વાર્થીને ઉદાર બનાવતાં નવનેજાં પાણી ઉતરી જાય.ટુંકમાં આ જગતમાં સ્વાર્થી જેવો જીવતો છતાં મરેલો માણસ તમને બીજો કોઈ જ જોવા નહી મળે.

પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ કહ્યું કે સમસ્ત પ્રકૃતિ(કુદરત)ઉદાર છે.જ્યારે માણસ ઉધાર છે.સૂર્ય પ્રકાશ આપે છે તો ચન્દ્ર ચાંદની, વૃક્ષ ફળ આપે છે.તો પુષ્પ સુવાસ !નદી જળ આપે છે તો સાગર મોતી, ખેતર જો અનાજ આપે છો તો કુવો પાણી ! એક દિવસ માટે પણ કુદરતના સ્ત્રોતો હડતાલ પર ઉતરી જાય તો માણસને જીવન જીવવું ટકાવવું મુશ્કેલ બની જાય.કુદરતની ઉદારતામાંથી શીખામણ લઈએ આપકો ઉદાર બનીએ.દરેક મિનિટ-દરેક ક્ષણ યોગદાન આપવાની એક તક છે.તેથી ચાલો..આપણે નક્કી કરીએ કે જે પણ આપણા સંપર્કમાં આવે એના ભલા માટે એક સ્મિત દ્વારા, શુભેચ્છા અને પ્રાર્થના દ્વારા કે સહાય દ્વારા આંસુ લુંછવાના પ્રયત્ન કરીએ.આપણી હકારાત્મક ઉર્જા વહેવડાવતા રહીએ.જયારે આપણે બીજાને મદદ આપીએ છીએ ત્યારે આપણને મળવાની મદદ માટેનો માર્ગ ખુલ્લો કરીએ છીએ.ધરતીને આપેલો એક દાણો હજારો દાણાની ઉપલબ્ધી કરાવે છે.

## લોક ગઠબંધન પાર્ટી ગુજરાતની ૧૮૨ બેઠકો પર ચૂંટણી લડશે

અમદાવાદ

આગામી સમયમાં આવનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં લોક ગઠબંધન પાર્ટી ૧૮૨ બેઠકો ઉપર ચૂંટણી લડવાનો નિર્ધાર અમદાવાદ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયશંકર પાંડેએ કરી હતી.વિધાનસભાની ચૂંટણીને લઈને ગુજરાતના પ્રદેશ પ્રમુખ તરીકે કીર્તી કુમારની નિમણૂંક કરવામાં આવી હતી અને જેઓ આગામી સમયમાં ગુજરાતનું સંગઠન મજબૂત કરશે.આ અંગે પત્રકાર પરિષદને સંબોધતા વિજયશંકર પાંડેએ જણાવ્યું હતું કે, ૨૦૧૬ માં લોક ગઠબંધન પાર્ટીની રચના કરવામાં આવી છે.અત્યારે ૧૧ રાજ્યોમાં પાર્ટી કાર્યરત છે.લોક ગઠબંધન પાર્ટી રાષ્ટ્રીય લેવલે નિમણૂંક થયેલ પાર્ટી છે.જેનું નિશાન મીણબત્તી છે.પાર્ટીનો મુખ્ય ઉદ્દેશ ભ્રષ્ટાચાર દુર કરવો, આરોગ્ય શિક્ષણ વ્યવસ્થા, ખોટા વાયદા જાતિ ધર્મ ઉપર આધારિત રાજનીતિ દુર કરવાનો છે.આગામી સમયમાં ગુજરાતમાં ચૂંટણીઓ આવી રહી છે ત્યારે તમામ બેઠકો એટલે કે ૧૮૨ બેઠકો ઉપર ચૂંટણી લડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.આ માટે ૨૨ વચનો સાથે અમે ગુજરાતમાં ત્રણ મહિનાનો પ્રવાસ કરીશું અને ગુજરાતની જનતાને અમારા ૨૨ વચનો અંગે વાકેફ કરીશું.હવે ગુજરાતમાં ત્રીજા પક્ષ તરીકે ઉભરી આવવા માટે મહેનત કરવાના છીએ.ગુજરાતના અનેક પ્રશ્નો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વિજય શંકર પાંડે ભારત સરકારના ભૂતપૂર્વ સચિવ તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે.

# ડીસા તાલુકાના ગજનીપુર (ચાવરગંજ) ગામે અપૂરતી કેશડોલનો બહિષ્કાર

### ફક્ત પાંચ લોકોને જ કેશડોલ્સ ચૂકવણું કરવામાં આવેલ

### અધિકારીઓને ગામલોકોએ બાનમાં લીધા ફરીથી રીસર્વે કરવા માંગ


જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પડેલ વ્યાપક વરસાદને લીધે ગામડાઓમાં ખેડુતોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થતા તાજેતરમાં સરકાર દ્વારા ગામડાઓમાં કેશડોલનું ચુકવણું ચાલુ છે. ત્યારે ડીસા તાલુકાના ગજનીપુર ગામે થયેલ નુકશાન બાબતે કેશડોલમાં ફક્ત દેસાઈ તળજાભાઈ લાલાભાઈ રૂા. ૫૭૦૦/-, ભીલ બાબુભાઈ માધાભાઈ ૩૪૫૦ રૂા., ભીલ દાનાભાઈ સવાભાઈ રૂા. ૫૨૫૦/-, ભીલ પીન્ટુભાઈ સોમાભાઈ રૂા. ૧૩૫૦/- અને ભીલ છગનભાઈ મોહનભાઈને રૂા.૪૨૦૦ એમ કુલ પાંચ સભ્યોને જ રૂા. ૧૯૯૫૦/-ની કેશ ડોલ્સ ચૂકવણું કરવામાં આવેલ. તલાટી કમમંત્રી તેમજ નવા નેસડા આચાર્ય ધીરજભાઈ પટેલ સામે ગામ લોકોએ ફક્ત પાંચ વ્યક્તિઓને જ કેશડોલ કેમ? તેવો પ્રશ્ન કરીને હોબાળો મચાવી સવારથી સાંજના પાંચ વાગ્યા સુધી બંને અધિકારીઓને બાનમાં લઈ ફરીથી સર્વે કરી આખા ગામના લાભાર્થીઓને કેશડોલ્સ ચુકવવા માંગણી કરી તલાટી કમમંત્રી પાસેથી લેખિત પણ લીધુ હતું અને રીસર્વે જો બે દિવસમાં નહિં કરવામાં આવે તો સમગ્ર ગ્રામજનો ન્યાય માટે તાલુકા મથકે ધરણા કરશે તેવું ગામના યુવા અગ્રણી દલાભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

**સરપંચ - તલાટી સામે આક્ષેપો**

પુરની સરકારી સહાયથી વંચિત ગ્રામજનોએ સરપંચ અને તલાટી ગેરરીતી આચરતા હોવાના ગંભીર આક્ષેપો કરી જણાવ્યું હતુ કે ગામના તળાવમાંથી રેલ્વે તંત્ર દ્વારા માટી લેવાય છે પરંતુ તેની રકમ પંચાયતમાં જમા લેવાના બદલે 'ચાઉ' થઈ ગઈ છે અન્ય કામોમાં ગેરરીતી આચરાઈ છે. ગામમાં પાંચ લોકોની આવાસ યોજના મંજૂર થઈ છે પણ તલાટી દ્વારા લાભ અપાતો નથી. પંચાયતના દાખલાઓ માટે પણ ધક્કા ખવરાવે છે. તેથી બંને વિરુદ્ધ પગલા ભરવાની માંગ કરી હતી.

# થરાદમાં જેલાણાના યુવકની આત્મહત્યા : સાસરીયાં સામે દુષ્પ્રેરણની ફરીયાદ

**બળજબરી પુર્વક લગ્ન કરતાં ત્રાસના કારણે ઝેરી દવા ગટવટાવી મોતને વ્હાલું કર્યું**



થરાદ

થરાદમાં રહેતા જેલાણાના યુવકે તેની વાગ્દત્તા સાથે તેણીના પરિવારની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કર્યા બાદ શરૂ થયેલા સાસરાપક્ષના ત્રાસના કારણે ઝેરી દવા ગટવટાવીને મોતને વ્હાલું કર્યાની ફરીયાદ થરાદ પોલીસ મથકમાં યુવકના પિતાએ નોંધાવતાં પોલીસે પાંચ સામે દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.બનાવથી ભારે ચકચાર મચવા પામી હતી.

મુળ વાવ તાલુકાના જેલાણા ગામનો ધાર્મિક જયંતીલાલ સોની રહે ચામુંડાનગર થરાદમાં ચિરાગ જવેલર્સ નામની દુકાનમાં સોની કામનો ધંધો કરતો હતો.તેણે બે વર્ષથી સગાઈના બંધનમાં રહેલી અંજલી સાથે તેના પરિવારની ઈચ્છા વિરૂધ્ધ નવેક મહીના પહેલાં લગ્ન કરી લેતાં તેના સાસુ સસરા અને બે સાળા તથા એક મામાસસરા મળીને તેને અવારનવાર શારિરીક માનસીક ત્રાસ આપી અંજલીને પાછી લઈ જવા દબાણ કરતા હોઈ ધાર્મિક માનસીક તણાવમાં રહેતો હતો.અગાઉ પણ આ મુદ્દે પોલીસ ફરીયાદ પણ થવા પામી હતી.આથી તેના સમાધાન માટે ધમકીઓ પણ આપવામાં આવતી હતી.

આથી ધાર્મિકે ગુરૂવારની બપોરના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી.તેને તાબડતોબ દવાખાને લઈ જવાતાં રસ્તામાં મૃત્યુ નિપજ્યું હતું.આથી તેના પિતા જયંતીલાલ ધીરજલાલ સોનીએ ધાર્મિકના સસરા જગદીશભાઈ તથા સાસુ ગીતાબેન,સાળા અશ્વિનભાઈ અને મનીષભાઈ તથા મામાસસરા સુરેશભાઈ રહે .ભાભર સામે થરાદ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.પોલીસે તમામની સામે દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી

<u>સહાય ચૂકવણીમાં ગેરરિતીના મુદ્દે</u>

# શમશેરપુરાના ગ્રામજનો કલેક્ટર કચેરીએ દોડી આવ્યા

**સરપંચ-તલાટીને હટાવવાની માંગ સાથે ગ્રામજનોનો હોબાળો**


સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠામાં પુર બાદ સરકારી સહાય મા લોકો હાલાકી ભોગવી રહ્યા છે તંત્ર દ્વારા ગેરરીતિઓ અને મનમાની ના આક્ષેપ થઈ રહ્યા છે ત્યારે આજે ડીસા તાલુકા ના શમશેરપુરા ના ગ્રામ જનો એ પાલનપુર કલેકટર કચેરી એ કેશડોલ ન મળવાની રજુઆત કરી હતી.

ડીસા તાલુકાના શમશેરપુરા ગ્રામજનો એ ગામ ના સરપંચ અને તલાટી દ્વારા કેશડોલ સહાય મા ગેરરીતિઓ ને મામલે ગ્રામજનો એ કલેકટર કચેરી માં રજુઆત કરી હતી.સરકાર દ્વારા ગામ મા ૨૫ લાખ જેટલી કેશડોલ ની રકમ આપવામાં આવી છે. પરંતુ શમશેરપુરા ગ્રામજનો આ સહાય થી વંચિત રહી ગયા છે

અનુસંધાન પાના નં.૬

# ભાભરમાં ઠેર ઠેર ગંદકીનું સામ્રાજય : રોગચાળાની દહેશત

**પાલીકા ભારે વરસાદ બાદ ગંદકી દુર કરવામાં નિષ્ફળ**


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

છેલ્લા એક મહિનાથી વરસાદે ભાભરમાં ભરડો લીધો હતો.વરસાદ મહેર કહેર થતાં શહેરની પરિસ્થિતી ખરાબ થઈ છે.હવે પાણી ઓસરી રહ્યા છે પણ તેની સાથે ગંદકી વધી રહી છે.ક્યાંક તંત્ર દ્વારા સફાઈ થઈ છે પરંતુ મોટા ભાગે ખુણે-ખાંચરે ગંદકીએ માઝા મુકી છે.જેના કારણે માખી અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.તેના લીધે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત લોકોમાં થઈ રહી છે.

ભાભર પાલીકાના સત્તાધીશોની નિષ્ક્રિયતા અને પાલીકાના કર્મીઓની બેદરકારીથી શહેરમાં ગંદકીએ માઝા મૂકી હોવાની વ્યાપક લોક ફરીયાદો ઉઠી રહી છે.શહેરના જુના ગંજ, રામકી બજાર, તીરૂપતિ માર્કેટ, પાંજરાપોળ શેરી, ખત્રીકુવા, આઝાદ ચોક નજીક વગેરે વિસ્તારોમાં ગંદકીએ માઝા મુકી છે.જાહેર મુતરડીઓની સફાઈ અભાવે ગંદકી જોવા મળે છે.માખી અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.લોકો બિમાર પડે તે પહેલા પાલીકા તંત્ર દ્વારા ડોર ટુ ડોર સફાઈ અભિયાન હાથ ધરાય તે જનહિતમાં જરૂરી છે.નહીતર રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત લોકોમાં ઉભી થઈ છે.જાહેર મુતરડીઓ, જાહેર સ્થળોની સફાઈ હાથ ધરાય તેવી લોક માંગ ઉઠી રહી છે.કેટલાક વિસ્તારોમાં બે દિવસે એક વખત સફાઈ કરવા અને કચરો ભરવા પાલીકાના કર્મીઓ આવતા હોવાની ફરીયાદો વ્યાપક પણે ઉઠી રહી છે.ચૂંટાયેલા સદસ્યો અને પાલીકા કર્મીઓ સફાઈ ઝુંબેશ વાસ્તવિક બનાવી શહેરને ગંદકી મુક્ત કરે તે સમયનો તકાજો છે.

# આસોદરમાં અપુરતી કેશડોલ્સ મળતાં લોકોમાં આક્રોશ

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામમાં અપુરતી કેશડોલ્સ મળતા લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે. તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં પડેલા વ્યાપક વરસાદને લીધે ગામડાઓમાં ખેડૂતોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થતા તાજેતરમાં સરકાર દ્વારા ગામડાઓમાં કેશ ડોલ્સનું ચુકવણું ચાલુ છે ત્યારે આસોદરમાં ફક્ત ૩૪ લોકોને ચુકવણું કરતા લોકોએ ભારે હોબાળો કર્યો હતો. આસોદર ગામમાં અતિવૃષ્ટિ તેમજ પૂરગ્રસ્ત હોવાને કારણે ૧૦ દિવસ સુધી ગામ પાણીમાં ગરકાવ હોવા છતાં અને હજુ સુધી પાણી ભરેલું હોવા છતાં લોકોને કેશ ડોલ્સ ના મળતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહયો છે. સરકાર દ્વારા આસોદરમાં રિસર્વે કરી મજૂર વર્ગ, કિસાનો અને ગરીબોને કેશ ડોલ્સ મળે તેવી લોક લાગણી છે.

# કોતરવાડા પંથકના પુરગ્રસ્તો સરકારી સહાયથી વંચિત

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના પુરગ્રસ્ત કોતરવાડા, નેસડી, ફાફરાળી, ફુલપુરા અને પ્રેમનગર ગામના અસરગ્રસ્તોને હજુ સુધી સહાય ચૂકવાઈ નથી. તેથી રોષે ભરાયેલા અસરગ્રસ્તોએ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ ઉગ્ર રજુઆતો કરી સહાય ચૂકવવાની માંગ કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદે તબાહી સર્જી છે. જેથી રાજ્ય સરકારે ૧૫૦૦ કરોડની સહાય ચૂકવી છે પરંતુ સહાય ચૂકવવામાં ભેદભાવ કરાતો હોવાની બૂમરાડો ઉઠવા પામી છે. ત્યારે દિયોદર તાલુકાના ગામડાઓમાં પણ પૂરન પાણી ઘરોમાં ઘૂસી જતા ઘરવખરીને નુકશાન થવા સાથે પશુઓના મોત અને ખેતરો ધોવાતા ખેડુતો અસહાય બની ગયા છે. તેમ છતાં સરકાર દ્વારા ચુકવાતી કેશડોલ પણ ચુકવાઈ નથી. તેથી ગતરોજ કોતરવાડા, નેસડી, ફાફરાળી, ફુલપુરા અને પ્રેમનગરના અસરગ્રસ્તો તાલુકા મથકે દોડી આવ્યા હતા અને સહાય બાબતે બાદબાકીનો રોષ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ ઠાલવી સત્વરે સર્વે બાદ સહાય ચુકવવાની માંગ કરી હતી.

# થરાદના બે ગામોની કેન્દ્રીય મંત્રીની મુલાકાત


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના અસરગ્રસ્ત વામી અને વાંતડાઉ ગામની કેન્દ્રીયમંત્રી હરિભાઇ ચૌધરીએ મુલાકાત લીધી હતી.તેમણે ગ્રામજનોને સરકાર દ્વારા તમામ પ્રકારની સો ટકા યોગ્ય સહાયની પણ ખાત્રી આપી હતી.અને સાથે સાથે સાચા અસરગ્રસ્તો રહી ન જાય તેની પણ તાકીદ કરી હતી.અત્રે નોંધનીય છેકે ગામમાં પ્રવેશવાનો રસ્તો પણ ચારે બાજુથી બંધ છે.આથી તેઓ પણ જેમતેમ કરીને ગામલોકો પાસે પહોંચ્યા હતા.ગામની અંદર પાણી ભરાયેલાં રહેલાં છે. આ પ્રસંગે ધારાસભ્ય પરબતભાઇ પટેલ,ગામના સરપંચ પરાગભાઇ, માર્કેટના વેપારી મદનલાલ,ભાજપના તાલુકા પ્રમુખ રૂપસીભાઇ પટેલ, દેવદાસભાઇ કાળા, ચૌધરી શાંમળભાઇ એસ.સહિત બહોળી સંખ્યામાં અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારે વરસાદથી ઉભી થયેલ પૂરની વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્તો માટે થરા જલારામ મંદિર બન્યું આશ્રય કેન્દ્ર

ડીસા

તાજેતરમાં અતિભારે વરસાદને લીધે પૂર આવતાં ઉભી થયેલ વિકટ પરિસ્થિતિમાં શ્રદ્ધા અને વિશ્વાસના કેન્દ્ર સમાન થરાનું જલારામ મંદિર અનેક અસરગ્રસ્તો તેમજ રાહત કામગીરી કરનારાઓ માટે મહત્વનું આશ્રયકેન્દ્ર બન્યું હતું. તા. ૨૩/૭/૨૦૧૭ ને રવિવારથી પરિસ્થિતિ બગડતાં જ બીજા દિવસ સોમવારથી જ થરા જલારામ મંદિરે ભજન, ભોજન અને નિવાસસ્થાનની સગવડ કરી દેવામાં આવી હતી. કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈના સંપૂર્ણ સહયોગથી અસરગ્રસ્તો માટે ચા, નાસ્તો તેમજ સવાર- સાંજ ભોજનની સુવિધા કરવામાં આવી હતી. જેનો હજારો અસરગ્રસ્તોએ લાભ લીધો હતો. થરા જલારામ મંદિરના રાહત કેન્દ્ર અને ભોજનાલયને ધબકતું રાખ્યું હતું. રાહત કામગીરી કરતા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને ભાજપના કાર્યકરો, એન.ડી.આર.એફ અને આર્મીની ટીમ, પોલીસ જવાનો, વિચરતા સમુદાય મંચ, ધાર્મિક અને રાજકીય મહાનુભાવો, વિવિધ સેવાભાવી સંસ્થાઓ, ગૌસેવકો અને રાહત કામગીરી સાથે જોડાયેલા તમામ કર્મચારીઓ અને સ્વયં સેવકોએ પણ જલારામ મંદિર થરા ખાતે ચાલતા ભોજનાલયનો લાભ લઈ રાહત અનુભવી હતી. સમગ્ર કાંકરેજ તાલુકો, બનાસકાંઠા જિલ્લો અને ગુજરાત સરકારે પણ થરા જલારામ મંદિરની રાહત કામગીરી અને ભોજનની વ્યવસ્થાની ગૌ-રવભેર નોંધ લીધી હતી.

કાંકરેજ તાલુકામાં સેવાની સરવાણી વહાવનાર થરા જલારામ મંદિર એક મોટી આશા, શ્રદ્ધા અને વિશ્વાસનું કેન્દ્ર છે. થરા જલારામ મંદિરના રાહત કેન્દ્ર અને ભોજનાલયની મુલાકાત અનેક આગેવાનોએ લીધી હતી અને તેમની સુંદર કામગીરીમાં પણ ભરપેટ વખાણ કર્યા હતા.

# સામઢીમાં કાચો રસ્તો તૂટતા રહીશોને હાલાકી


ચંદુભાઈ મકવાણા

પ્રતિ. સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે પડેલા અતિભારે વરસાદના કારણે કાચા મકાનો પડવા સાથે અનેક મકાનોમાં વરસાદી પાણી ઘુસી ગયા હતા. જ્યારે ખેતરો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના કારણે વ્યાપક નુકશાન થવા પામ્યું છે ત્યારે ગામના ઈન્દીરાનગર અને સોલંકીવાસનો કાચો રસ્તો વરસાદી વહેણમાં તૂટી ગયો છે. જેના કારણે રહીશોની હાડમારીઓ વધી પડી છે. રોડ ઉપર ઊંડા ખાડા પડી જતા બાળકો અને વૃધ્ધોને ચાલવું પણ મુશ્કેલ થઈ ગયું છે. જ્યારે બિમારીના કેસમાં હાડમારીઓ વધી પડે છે. જેથી આ રોડનું સત્વરે સમારકામ કરવાની માંગ ઉઠવા પામી છે.

# ધાનેરા તાલુકાના અસરગ્રસ્તોને ફુડ પેકેટ અપાયા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના તથા ધાનેરા નગરમાં જે પુર અસરગ્રસ્તોમાં રહી ગયેલા તેઓને શ્રી મોઢેશ્વરી માતંગી દેવસ્થાન સંસ્થાન મોઢેરા તથા ગુ-જરાત વેપારી મહામંડળ અમદાવાદ દ્વારા ધાનેરા અને થરાદ તાલુકાઓમાં મળી ૧૦૨૫ કિટનું વિતરણ પૂર્વ નાયબ કલેક્ટર કે.એમ.મોઢ ના હસ્તે કરવામાં આવ્યું હતું.


વિષ્ણુ દવે

થરાદ મીઠા હાઈ-વે પર ટેલર રોડ ખરાબ હોવાના કારણે રોડની સાઈડમાં ઊતરી ગયું હતું. જો કે સદનસીબે મોટી જાન હાની ટળી હતી.

# રવિયા ગામે પુર પિડીતોને આવશ્યક ચીજ વસ્તુઓની કીટનું વિતરણ

પ્રતિનિધિ રવિયા

ધાનેરા તાલુકાના રવિયા ગામે પૂર અસરગ્રસ્તોને ૨૦૦ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની તમામ ઘર વખરી પૂરના પાણીમાં ગરકાવ થઈ જતાં તેઓને દસ દિવસ ચાલે તેટલી રસોડાની કીટનું વિતરણ કચ્છના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ છે. તેમજ ગૌશાળામાં ગાયો માટે ઘાસચારાની વ્યવસ્થા કરાઈ છે. ગામના ઉપ સરપંચ બી.એસ.રાજપુત, પત્રકાર વસનાજી બી.રાજપુત વિગેરેની ઉપસ્થિતિમાં પુર પિડીતોને કિટનું વિતરણ કરવામાં આવેલ ટ્રસ્ટી ઝાહીદ હુસેન ભીમાણી તરફથી સહાય કરવામાં આવેલ.

# વડગામના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા જટીલ

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ બસ-સ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફીક સમસ્યા જટીલ બનતી જાય છે.બિનઅધિકૃત લારી ગલ્લાવાળાઓએ બસ-સ્ટેન્ડનો માર્ગ અવરોધતા વાહન ચલાવવાનું મુશ્કેલ બને છે અને પીકઅપસ્ટેન્ડ આગળ ચારે તરફ લારીવાળાઓના ખડકલો થવાથી મુસાફર જનતા અટવાય છે.જિલ્લા પોલીસવડા આ અંગે ઘટતાં પગલા ભરે તેવી જનતાની માંગ છે.

# ભાભરની રાધે સ્કૂલ દ્વારા વરસાદ બાદ સફાઈ ઝુંબેશ


વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

ભાભર ખાતે આવેલ રાધે ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પંથકમાં ભારે વરસાદ બાદ ગંદકી થતાં તેમની સ્કૂલમાં સ્ટાફ દ્વારા સફાઈ અભિયાન ઉપાડવામાં આવ્યું છે.સ્કૂલના રૂમો, ચોગાનની સફાઈ કરવામાં આવી હતી.સ્ટાફના માણસોએ હાથમાં ઝાડુ લઈ સફાઈ કરી હતી.જેના કારણે સ્કૂલ ગંદકી મુક્ત થતાં વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી.

# કુંભાસણ ગામમાં જૈન શ્રેષ્ઠીઓ દ્વારા કીટ વિતરણ કરાયું


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના કુંભાસણ ગામમાં માનવ સેવા એજ પ્રભુ સેવાનો ભેખ ધારણ કરી વતનપ્રેમ જેમના રજેરજમાં દોડી રહ્યો છે એવા જૈન શ્રેષ્ઠી જવાહરભાઈ ભીખાલાલ ચેલજીભાઈ પરીખ પરિવાર તરફથી અતિવૃષ્ટિના અસરગ્રસ્તોને જીવન જરૂરી ચીજ વસ્તુઓની ૧૫૦ જેટલી કીટનું વિતરણ કરાયું હતું.

અનુસંધાન પાના નં.૬

# થરાદના મોટામેસરામાં એન.એસ.યુ.આઈ.નો મેડીકલ કેમ્પ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના મોટામેસરા ખાતે યૂથ કોગ્રેસ અને એન.એસ. યુ.આઈ. દ્વારા મેડીકલ કેમ્પ કરવાની સાથે અસરગ્રસ્તોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત યુથ કૉંગ્રેસના પ્રમુખ ગુલાબસિંહ રાજપુત, જિલ્લા એન.એસ. યુ.આઈ. મહામંત્રી પ્રતાપસિંહ રાજપુત, સુરેશભાઈ સોલંકી, વિક્રમ ગુપ્તા, ડો.મેહુલ પંડયા, પ્રકાશભાઈ રાજપુત, કે.પી. હડીયલ, નવિનભાઇ નાઈ સહિત બહોળી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી.

# કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત વિસ્તારમાં સશસ્ત્ર સીમાબળ દ્વારા આરોગ્ય સારવાર


યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના કેટલાક ગામડાઓમાં ગત તા. ૨૪/૭/૨૦૧૭ ના રોજ બનાસનદી - નર્મદા કેનાલના સંયુક્ત પાણીના ઘોડાપૂરે તારાજી સર્જી હતી. જેમાં કેટલાય ગામડાં સંપર્ક વિહોણા ને માનવ-પશુઓએ પાણી વચ્ચે ઘેરાયા હતા. ત્યારે સેવાભાવી સંસ્થા, લોકો સ્થાનિક તરવૈયા એન.ડી.આર.એફ. એસ.ડી.આર. એફ આર્મી સ્થાનિક પોલીસ હોમગાર્ડ એસઆરપી સહિત તમામ વિભાગના કર્મચારીઓ કામે લાગ્યા હતા ને એક સપ્તાહમાં સ્થિતિ થાળે પડી ત્યારે પૂરગ્રસ્ત વિસ્તારમાં સશસ્ત્ર સીમાબળ (એસ.એસ.બી.) ની ૬૫ મી બટાલીયન (જામનગર) દ્વારા આરોગ્યની સેવા ઉમદા રીતે આપવામાં આવી.

અનુસંધાન પાના નં.૬


**ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, પાલનપુર**

<u>અંબાજી ખાતે ભાદરવી પૂર્ણિમાના મેળામાં દૂકાનો માટે ખુલ્લી જગ્યા ફાળવવા અંગેની નિવિદા</u>

અંબાજી બસ સ્ટેન્ડ ખાતેની ખુલ્લી જગ્યામાં ભાદરવી પૂર્ણિમાંના મેળા દરમિયાન તા. ૩૧/૦૮/૨૦૧૭ થી ૦૬/૦૯/૨૦૧૭ સુધી કુલ ૭ (સાત) દિવસ માટે તદન હંગામી ધોરણે ૩ x ૨.૫ મીટરના એસ.ટી.સ્ટાફ કોલોનીથી બસસ્ટેશનના મુખ્ય દરવાજા સુધીની ખુલ્લી જગ્યાના પ્લોટ વિવિધ ધંધા માટે વ્યક્તિગત ધોરણે જુદી-જુદી પાર્ટીઓને હરાજીથી ફાળવવા અંગે તા. ૦૮/૦૮/૨૦૧૭ના રોજ ૧૩:૦૦ કલાકે અંબાજી બસ સ્ટેન્ડ ખાતે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. જેથી લાગતા વળગતા રસ ધરાવતા વેપારીઓએ તા. ૦૮/૦૮/૨૦૧૭ના રોજ ૧૨:૦૦ કલાકે અંબાજી બસ સ્ટેન્ડ ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે. સદર હરાજીમાં ભાગ લેનારે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા.) ડીપોઝીટ પેટે અગાઉથી સ્થળ પર નિગમમાં જમા કરાવવાના રહેશે. હરાજીમાં ભાગ લેનાર પોતાની ઓળખ માટે પાસપોર્ટ સાઈઝના બે ફોટા તથા રેશનીંગ કાર્ડ/પાન કાર્ડ/ ઈલેકશન કાર્ડ / ડ્રાઈવિંગ લાઈસન્સ પુરાવા તરીકે અચુક સાથે લાવવાના રહેશે અને હરાજીના સમયના એક કલાક અગાઉ હરાજીમાં હાજર રહેવા અંગેનું ફોર્મ ભરવાનું રહેશે. જેની સાથે હરાજીની શરતો સામે રાખેલ છે. હરાજીથી મેળવેલ દૂકામાં જાતે બેસીને ધંધો શરૂ કરવાનો રહેશે. અન્યથા પ્લોટનો કબ્જો મેળવી લેવામાં આવશે.

www.statetenders.com ઉપરથી વાંચી શકાશે

ક્રમાંક/નામાનિ/પાલન/૨૯૩/૨૦૧૭-૨૦૧૮

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...


## કેપ્સુલ

પતિ : સાંભળ્યું તે વગર ટીકીટે મુસાફરી કરવામાં પચીસ ટકા સ્ત્રીઓ હતી.

પત્ની : હું તો તમને પહેલાથી જ કહું છું કે સ્ત્રીઓ બચત કરવામાં પુરૂષો કરતાં આગળ છે.

ooo

એક પાગલે બીજા પાગલને પુછયું અરે ભાઈ આ તારી ઘડીયાળ બંધ કેમ છે ?

બીજો પાગલ ખડખડાટ હસી પડતાં બોલ્યો, અરે પાગલ તને ખબર નથી ? આજે રવિવાર છે.

oooo

પતિ : તું બહુ ખર્ચાળ છે. તારે બચત કરવી જોઈએ. પૈસા જમા કરીશ તો સો વરસની ઉંમરમાં કામ આવશે.

પણ હું સો વરસની ઉંમરમાં પૈસાનું શું કરીશ ? પત્નીએ પુછયું.

oooo

ડૉકટર : મને હવે પચાસટકા ખાતરી થતી જાય છે કે તમને પાગલ કુતરાએ કરડયું છે.

ડૉકટર સાહેબ કુતરો હજુ સડક પર જ આંટા મારી રહ્યો છે લો આ ડંડો અને જઈને એને મારો પછી તમને સો ટકા ખાતરી થઈ જશે.

oooo

પપલુ : મમ્મી હમણાં ગયું તે કયું સ્ટેશન હતું ?

મમ્મી : કેમ શું કામ છે તારે ?

પપલુ : ખાસ કાંઈ નહીં. પણ નાની બહેન રીંકી આ સ્ટેશને ઉતરી હતી તે પાછી ટ્રેનમાં આવી નથી.



# અલ્યા આ તો.. તો પડયો..

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

સવારના પહોરમાં વરસાદ વિશે..આવી રહેલા ચોમાસાની આગાહી જોતાં..વાંચતાં જ ધુંબડ ધુંબા થઈ ગયો. આહાહા...હા..આ વખતે જાણે પહેલા દિવસથી જ વરસાદ જાણે બઘરાટી બોલાવાનો છે એ મામલે મને હવામાન ખાતાને..છાપાના એ તંત્રીને ભરચક અભિનંદન આપવાનાં અભરખો થઈ આવ્યો. જોકે આપણા ત્યાં તો કામ થઈ પતી ગયા પછી અભિનંદનને આપવાનું વલણ છે પણ મને અવળો એક ચીલો ચાતરવાનું મન થઈ આવ્યું પણ જ્યાંમને કંઈક સારૂં કરવાનું સુઝે કે મારી પત્ની કાયમ આડે માર્ગે જ ઉભો કરે છે. જ્યાં મને અભિનંદન આપવાનો ઈરાદો થયો કે થેલી લઈને આવીને કહે: 'બઉ ભુખ લાગી છે. પાંનસો ગ્રામ ગરમાગરમ ફાફડા લઈ આવો.. મેં કતરાતી નજરે પુછયું, કેમ ઘરમાં કાંઈ બીજું નથી પડયું ખાવાનું.. અને સવાર સવારમાં વળી શાની ભુખો લાગે છે ? મારામોંએથી ભુખનું બહુવચન ભુખો સાંભળી ભડકી.

લાલ રંગ જોઈ કોઈ આખલો ભડકી ઉઠે એમ ભડકી.. કહે ગુજરાતીના સાહેબ છો છતાંય ભુખનું બહુવચન ભુખો કરો છો. ખરા છો.. ત્યારે મારા હાથમાં થેલી આવી ચુકી હતી. બીજી તરફ સારા ચોમાસા અંગેની આગાહી સુકાઈ ગઈ. મારૂં મન ચોમાસામાંથી ફાફડાની લંબાઈમાં ફરી ય ગયું.. શું થાય ?

આ લેખ છપાશે ત્યારે શાયદ પહેલી જુલાઈ આવી ગઈ હશે. કહેવાતું.. ચોમાસુ હું આવી ચુકયું હશે અને દર વખતે ચોમાસુ ઈ ઢાકા બંગાળા કરે છે એમ કર્યા હશે એ નક્કી એમ તો હોળીની જવાળાઓ જોઈને વરસાદની, વર્ષની દર વખતે આગાહીઓ કરવામાં આવે છે. પછી એ આગાહીઓ કેટલી સાચી પડે છે એ આપણે જાણીએ છીએ. અરે સાંભળવા મળે છે વરસાદ પણ બે માણસોના જેવો નઠારો થઈ ગયો છે.ઘોર એક કળીયુગમાં વરસાદ વળી શાનો સમયસર પડે ?જેમ માણસોને તો ખરા ટાણે બગલને તો અધ્ધર કરતાં આવડે છે એમ..

પણ હવામાન ખાતાએ એની આ વખતના ચોમાસા અંગેની આગાહી કરી છે.. રાજયભરમાં નૈઋત્યનું ચોમાસુ પહેલી જુનથી બેસી ગયું. પહેલી તારીખની જેમ પગાર આવી જાય એમ સમજવું..

એટલે પહેલી જુને આખાય રાજયમાં વરસાદ ધુંબડ ધુંબા મચાવશે.. અરે પહેલી તારીખે ઓ બાપ રે.. મરી ગયો રે એટલો એટલે જુલાઈ મહીનામાં ચાર ઈંચ વરસાદ ખાબકયો.. આ તો સાલુ કંઈક ક્રીકેટ જેવું લાગે ખરૂં.. દર વખતે મહેન્દ્રસિંહ ધોની ટીમના દાવ વખતે વચ્ચે આવીને ધમાધમી કરે અરે આ તો ઓપનીંગમાં આવીને જ ધોકાવાળી દેવાવાળી આગાહી મુજબ પહેલી તારીખે જ ચાર ઈંચ અને અત્ર તત્ર સર્વત્ર પાણી જ પાણી..

જાણે વરસાદની ધુંબડધુંબા...

અરે હા યાદ આવ્યું.. અમદાવાદમાં તો અડધા ઈંચ વરસાદે સર્વત્ર કાંકરીયા કયાંક ચંડોળાના લોકોને મહાદર્શન થાય છે ત્યાં આ વખતે એકીઝાટકે દે ધનીયા દાળમાં પાણી. .ત્યારે શું થશે ખબર હોય કે ના હોય.. બધાય બોગસ પ્રિમોન્સુન પ્લાન તુટી પડવાના અને એ સાથે ભુવા પડવાના.. ખાડા ભરાઈ જવાના.. કયાંક કાંઈકના અંગભંગ વાહનતંગ થવાના.. મહાન દેશની નહીં મહાન રાજયની આ તો મહાનતા છે..

આગાહી મુજબ જુનની પહેલી તારીખથી જ વરસાદ જય રામજી કરવાનો છે.. એટલે પૈસાની સગવડ હોય કે ના હોય કયાંકથી આઘાપાછી કરી અને જ્યાં નોકરી કરતા હોવ ત્યાંથી.. બોસ પાસેથી લોન લો.. પૈસા ઉપાડો.. વરસાદમાં પહેરવાના બુટ, રેઈનકોટ, શરદીના બામની બે ત્રણ બાટલીઓ.. પત્નીના માટે રેઈનકોટ.. એનાં વરસાદી સેન્ડલ ધાબા પર પાથરવાની તાડપત્રી લઈ આવો.. ભાવ વધે એ પુર્વે ચોમાસુ પહેલી જુને... બેસી જવાનું છે. એટલે વહેપારીઓ ભાવ વધારવાની એકે તક નહીં છોડે.. અરે આ આગાહીના સમાચાર પત્ની વાંચે અને ચોમાસાની વસ્તુઓ લાવાવ કચકચ કરે એ પુર્વે લાવીને એના હાથમાં થમાવી દો.. અરે એના મોંઢેથી સાંભળો.. મારા વહાલા તમે કેટલા સમજદાર છો ?

પત્ની તમને કેટલા સમજદાર છો એવું ચોમાસા પુર્વે કે ટાણે કહેતો ધ્યાન ન આપો.. અત્યારે એ જ ધ્યાન રાખો. પહેલીજુને રાજયભરમાં ચોમાસુ જામી જવાનું છે. હવામાન ખાતાની આગાહી છે. .પહેલી તારીખે કોઈ કાર્યક્રમ જો તંત્રે હમણાં પડતો મુકો.. માનો કે સવારે નવ વાગે ગયા અને દસ વાગે વરસાદે ધુંબડધુંબા કર્યા..આગાહી મુજબ બરાબર ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકયો.. ચારેકોર પાણી ભરાયાં તો જશો કયાં ? પહેલી તારીખે કાર્યક્રમ કેન્સલ કરી ઘરમાં ભરાઈ રહો.. સાંજ સુધી.. રાત સુધી.. અરે દિવસે સવારે ઓફિસમાં બોસને જણાવી દો કે આજે ચાર ઈંચ વરસાદ પડવાનો છે.. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કેવા ગ્રહો કષ્ટ નાશ કરે ?




જીવનમાં સુખ દુ:ખ એ એક સિક્કાની બે બાજુ છે. જેમ છાંયડો અને તડકો એક આવે ને બીજો જાય પણ અમુક વખત એવું પણ બનતું હોય છે કે જો દુ:ખ આવ્યું ને તે જવાનું નામ જ નથી લેતું. તો કયારે દુખ આવવાનું જીવનમાં નામ જ નથી હોતું. આવી વ્યકિત જીવનમાં હંમેશા લીલા બાગની જેમ હોય છે. હંમેશાં હરીયાળું હરીયાળું જ..

કેવા ગ્રહો હંમેશા સુખ સાહ્યબી આપે છે ?

જે જાતકની જન્મકુંડળીમાં ગુરૂ અને શુક્ર કેન્દ્રમાં રહ્યા હોય તેવી વ્યકિત કયારેય દુ:ખ ભોગવતી નથી. તેને ધન, દોલત, જમીન,મકાન, વાહન વગેરે મળ્યા જ કરે છે.

દ્રષ્ટાંતકુંડળીઃ અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવમાં કર્કનો ગુરૂ છે તે ઉંચનો થયેલ છે. ગુરૂ ભાગ્યેશ પણથયેલ છે. તો તેને પાંચમા સ્થાન નવમા સ્થાન ભાગ્યશાળીને સાતમા સ્થાન ઉપર દ્રષ્ટી કરી રહ્યો છે. તેમજ શુક્ર ચોથા કેન્દ્ર સ્થાનમાં તુલા રાશીમાં છે. જે પોતાની સ્વરાશી છે ગુરૂ અને શુક્ર બંને કેન્દ્રમાં પણ છે. આમ આવી વ્યકિતને કયારેય દુ:ખ જોવા મળતું નથી તેમજ તેઓ સુખેથી સો વર્ષની આયુષ્ય ભોગવતા હોય છે. અપવાદમાં જો કોઈ ગ્રહ રોગગ્રસ્ત થતો હોય તો બીમારી આવતી હોય છે. તેનો નિવારણ કરતા તેમાંથી પણ બચાવ તંદુરસ્ત રહેતા હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# દુનિયાને દોઝખ કરી જાય વર્ષા.....???

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અચાનક ટીવી ચેનલ જોવા બેસી ગયો.. ત્યાં સુંદર ટાઈટલ હેઠળ દુ:ખદ દ્રશ્યો જોવા મળ્યાં.. મુસીબત મુશળધાર બીજું ટાઈટલ જોયું અનરાધારની આફત.. ખરેખર આ તમામ અવનવાં ટાઈટલ હેઠળ કંઈક સંદર્ભે આપણને સમજવા કુદરત આપે છે.

સમગ્ર વરસાદનો કહેર જાણે શિવજીનું તાંડવ નૃત્ય ચાલતું હોય તેવો લાગશે..શિવજી પણ આ આફત પોતાના નિમિત્તે લેવા તૈયાર નથી. વર્ષાઋતુના આગમન પછી લગભગ શ્રાવણની શરૂઆતમાં જ શ્રીકાર વર્ષાએ પણ એક કુદરતી કહેર જેવું લાગશે.. દેખ કબીરા.. માનવ જાત કયારે સમજશે ? આ આફતના પરીપ્રેક્ષ્યમાં કેટલું દર્દ અને કેટલી મુશ્કેલીઓ અને આફતના ઓળા ઉતરી જાય છે.

વર્ષાઋતુને સાંબેલાધાર મુશળધાર , શ્રીકાર અને બારેમેઘ ખાંગા થાય એવા શબ્દો જાણે પ્રીય હોય તેમ સમગ્ર ગુજરાત ઉપર આવી આફત આવશે એની કલ્પના ય નહોતી.. દેખ કબીરા.. આફત, આતંક અને ભુકંપ એવા અતિથિ છે જેને ભગવાન પણ ઓળખી શકતો નથી ત્યાં માનવી શું ઓળખશે ?

બરખારાની જરા ઝુમકે બરસો.. મેરા દિલબર જાને ન પાયે.. આવા ગીતની કડીઓ પ્રિયતમા પોતાના પ્રિયતમ માટે વાગોળતી જોવા મળે છે. એ ફિલ્મનું હાર્દ પણ સમજવા જેવું છે.

આનર્તપુર વિસનગરની એક ખ્યાતનામ કવયિત્રી જે હાલમાં જીંદગીના સાતમા દાયકામાં પણ કવિતા-ગઝલ તેમજ સામયિકમાં વ્યસ્ત છે જેની સૌ પ્રથમ કવિતાનું પુસ્તક પ્રસિદ્ધ થયેલું. જેને કદાચ પંદરેક વરસ થઈ ગયાં હશે.. એ પુસ્તકમાં ગઝલનો એક શેર આવો કંઈક હતો.. જે માનવજાતને વિચાર કરતા કરી મુકે અને ગમે તેવા નિષ્ઠુરને પણ ધ્રુજાવી દે એવા શબ્દો છે.. 'વધે પાપ એવાં ના જગતમાં' દુનિયાને ય દોઝખ કરી જાય વર્ષા..' આ શબ્દો આજના હાલના સમયની તબાહી માટે ખુબ જ પ્રસ્તુત ગણાય તેવા છે.. દેખ કબીરા...

ઉપરવાળો અનરાધાર વરસી જાય પછીનો સમય મુશળધાર મુશ્કેલીનો રહે છે. એ મુશ્કેલીમાં કોઈનો બાપ બેઘર બની જાય તો કોઈની પત્ની બેઘર બની જાય, ત્યાં કોઈના કુટુંબના તમામ સભ્યોની તબાહી થઈ જાય એવી કયામત પણ આવી જાય..

દેખ કબીરા.. આપણા લશ્કરી જવાનોને ખુબ ધન્યવાદ આપવા જોઈએ. જે જીવના ભોગે રેસ્કયુ પાર પાડી માનવીઓને બચાવવા ખડેપગે રાત દિવસ ભુખ દુખ થાક જોયા વગર સેવા આપે છે. દેખ કબીરા.. આવા સમયમાં આપણી પાસે લશ્કર કરતાં મોટો સ્ટાફ પોલીસ કાફલાનો છે.જેની સેવા કંઈક ક્રીટીકલ કેર માગે તેવી જણાઈ છે. છતાં આપણે એ બધું કુદરતના કેર સાથે ચલાવી લઈએ છીએ.. દેખ કબીરા..

વર્ષારાણીના મેઘતાંડવમાંથી માનવજાત આઘાત ઓળંગીને બહાર આવે અને પોતાનું રૂટીન જનજીવન શરૂ કરી શકે એવી મે. ગરીબ નવાઝને અરજ કરીએ એ જ આ આટી-'કલની સફળતા માનું છું.

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# નવ વર્ષનો બહાદુર નિલેષ

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

નવ વર્ષનો બહાદુર-નટવર હેડાઉ

૩૦ મી ઓગષ્ટ ૨૦૧૪ ની આ વાત છે. તે દિવસે ઋષિપંચમીનો તહેવાર હતો. તે દિવસે લોકો પોતાના બધા કામો પડતાં મુકી મંદિરે જઈ ભક્તિભાવ પુર્વક પુજા કરતા હતા.

આપણા ઉત્સવપ્રેમી દેશના મહારાષ્ટ્ર રાજયના જલગાંવ જિલ્લાના તેઈનગર ગામમાં પણ ખુબ ધામધુમ હતી.તે ગામથી પગપાળા જતાં દોઢેક કલાકના અંતરે મુકતાઈ માતાનુ મંદિર આવેલું હતું. તે લોકોની શ્રદ્ધાનું ધામ હતું તે મંદીર નદીને કીનારે આવેલું હતું. બહુ દુર દુરના ગામોથી શ્રદ્ધાળુ લોકો આ મંદિરે આવતા, નદીમાં સ્નાન કરતાં અને મંદિરમાં દર્શન કરતાં. અહીં ભરાતા મેળામાં લોકો મોજથી ફરતા. બાળકો ફુગ્ગાને રમકડાં ખરીદતા તો વડીલો ઘરની જીવન જરૂરીયાતની વસ્તુઓ ખરીદતાં. મેળો લોકજીવનનું ધબકતું પ્રતિક હતું.

નવ વર્ષનો નાનકડો નિલેશ પણ સવારથી મેળામાં જવા કુદાકુદ કરતો હતો. નિલેષના મનમાં મેળે જવાની વાતે ખુબ જ ઉત્સાહ હતો. તે આગળ આગળ ભાગતો જતો હતો. વધારે આગળ નીકળી જાય અને જલદી જોવા ન મળે તો તેની માં પાછળ દોડી બુમ પાડીને તેને રોકતી હતી. એકાદ કલાકમાં તેઓ મુકતાઈ મંદિર પાસે પહોંચી ગયા. સૌથી જ પહેલાં તેઓએ ઉત્સાહ અને ઉમંગથી નદીમાં સ્નાન કર્યું. નિલેષને નદીમાં ધુબાકા મારવાની ખુબ મજા પડી. ન્હાવા પડેલો નિલેષ બહાર નીકળતો ન હતો. તેની માંએ બુમ પાડી, 'બેટા જલદી બહાર આવ આપણે મોડું થઈ જશે.. પણ નિલેષ તો નદીના કિનારે ડુબકી લગાવતો અને તરતો રહ્યો. માંએ કેટલીયે વાર બોલાવ્યો ત્યારે માંડ બહાર આવ્યો.. નદીના ઠંડા પાણીમાં ન્હાવાથી ચાલીને આવેલાંને રસ્તાનો બધો થાક દુર થઈ ગયો. નદીથી બહાર આવીને તેણે કપડાં બદલ્યાં અને પછી તેની માં સાથે મંદિરે દર્શન કરવા ચાલી નીકળ્યો..તે મંદિરમાં પગે લાગ્યો અને પ્રસાદ પણ ધરાવ્યો.. તે પછી માંની સાથે મંદીરની પરીક્રમા કરી.

હવે તેને મેળામાં ફરવું હતું. ચકડોળમાં બેસવું હતું અને જાદુગરનો ખેલ પણ જોવો હતો. તેમની સાથે આવેલા લોકો પોત પોતાની ગમતી ચીજો જોવા અને લેવા લાગ્યા.

નિલેષ પણ તેની માંની સાથે મેળાની ભીડમાં ફરવા લાગ્યો. ગામમાં આવી સુંદર અને સજાવેલી દુકાનો જોવા મળતી નહીં. મેળામાં ચમકદાર ચીજવસ્તુઓ ગોઠવેલી દુકાનોમાં આકર્ષક ચીજોને નિલેષ અચંબિત થઈ ગયો. આટલી બધી ચીજોને તે લાલચભરી નજરે જોવા લાગ્યો. શું લેવું ને શું મુકી દેવું તે જાણે કે સમજાતું ન હતું. તેમાં એક મોટી સુંદર ભગવાનની મૂર્તિ તેને બહુ ગમી ગઈ. તે ત્યાં જ અટકી ગયો અને એક નજરે તેની સામે જોઈ રહ્યો. તેને મનમાં એક થયું કે દુકાનદારને તેની કિંમત પુછે. તેણે આગળ વધીને દુકાનદારને પુછયું, આ મૂર્તિ કેટલાની છે ?'

દુકાનદારે એક ઉડતી નજર તેના પર નાખી અને બોલ્યો 'પાંચસોની..' પછી બીજાં ગ્રાહકો સાથે વ્યસ્ત થઈ ગયો.તેના પોતાની મજુરી કરતી માંનો વિચાર આવ્યો. જે બાજુની દુકાનમાં રંગબેરંગી બંગડીઓ જોતી હતી. તેણે વિચાર્યું કે મૂર્તિ સારી તો છે પણ માં એટલા રૂપિયા કયાંથી કાઢશે ? આવડી મોટી મૂર્તિ શું કરવાની ? એટલા રૂપિયામાં તો ઘરનો ખર્ચો નીકળે છે. આવડી મોટી મુર્તિ કોઈ લઈ જતું હશે ખરૂં ? લઈ જતું હોય તો લઈ જાય મારે શું ? વિચારતો એ આગળ વઘ્યો. તેવામાં તેની માં પણ આવી ગઈ..

માં તે બંગડીઓ લીધી.. તેણે પુછયું..

'ના બહુ મોંઘી છે.. માં બોલી.. તે સમજી ગયો.. બંગડીઓ મોંઘી નથી પણ માં પાસે સગવડ નથી. તેણે પણ બહુ જીદ ન કરી. માંએ જે લઈ આપ્યું તેનાથી ખુશ થઈ ગયો.

મોડે સુધી મેળામાં ફરવાથી થાક પણ લાગ્યો હતો અને તેને ભુખ પણ લાગી હતી. તેણે માંને કહ્યું, માં બસ હવે કયાંક બેસીને ખાવાનું ખાઈએ. .મને ભુખ લાગી છે..

સારૂં બેટા સામે છાંયડાવાળું ઝાડ છે.. એમ કહેતાં તેની માં નદી કીનારે આવેલ ઝાડ તરફ આગળ વધી.. નિલેશ પણ તેની સાથે સાથે ચાલવા લાગ્યો. તે બંને ચાલતાં ચાલતાં નદી કીનારે એક ઘટાદાર ઝાડની નીચે આવીને બેસી ગયાં. હવે તેમણે થેલીમાંથી ઘેરથી લઈ આવેલ ભાતું કાઢયું.

નિલેશે હજુ પહેલો કોળીયો મોમાં મુકયો પણ નહોતો ત્યાં સામે નદી તરફથી બુમાબુમ સંભળાઈ. હાય રે.. મારો દિકરો.. બચાવો.. બચાવો..નિલેષે ખાવાનું છોડી દીધું.. અને દોડતો નદી કીનારે પહોંચી ગયો.. ત્યાં એક સ્ત્રી જોરજોરથી ચીસો પાડી પોતાના છોકરાને બચાવવા આજીજી કરતી હતી. જે`તની કાંખમાંથી છટકીને પાણીમાં પડી ગયો હતો. નદીકાંઠે લોકોની ભીડ જામી હતી પણ કોઈની હિંમત નહોતી કે દશ ફુટ ઉંડા નદીના પાણીમાં કુદી પડીને બાળકને બચાવી લે.

નિલેશે એક પળનો પણ વિલંબ કર્યા વિના નદીમાં ભુસકો લગાવી દીધો. જોનાર સૌ દંગ રહી ગયાં. તેમના માટે આ એક અચંબાની વાત હતી કે એક બાળક પોતાના જીવની પરવા કર્યા વિના દશ ફુટ ઉંડી વહેતી નદીના પાણીમાં કુદી પડયો. લોકો જોતા રહ્યા અને નિલેષ જોત જોતામાં તરતાં તરતાં તેની પાસે પહોંચી ગયો. અને સાવચેતીપૂર્વક આગળ જઈ તેને કપડાંથી પકડી લીધો અને ધીરે ધીરે કીનારા તરફ ખેંચીને લઈ આવ્યો.

કિનારે ઉભેલા લોકો તેને સલાહ અને માર્ગદર્શન આપતા હતા. નજીક આવતાં અમુક લોકોએ આગળ વધી તેને સહારો આપી ઉપર ખેંચી લીધો. બાળકની માતાએ તેને છાતીએ વળગાવી લીધો. હવે તેના મુખે નિલેષ માટે આશીષની ઝડી વરસી રહી.

તે દરમ્યાન મંદીરના વ્યવસ્થાપક મંડળના લોકો પણ શોરબકોર સાંભળી ત્યાં આવી ગયા. જ્યારે તેમણે નિલેષની બહાદુરીની વાત સાંભળી તો આશ્ચર્ય ચકીત રહી ગયા.

તેમણે નાના બહાદુર નિલેષનું સન્માન કર્યું અને અખબારોમાં આ આખી ઘટનાની માહિતી આપી તે સાથે જ તેનું નામ રાષ્ટ્રીય બાળ વીરતા પુરસ્કાર માટે મોકલવામાં આવ્યું.

જ્યારે પત્ર દ્વારા જાણવા મળ્યું કે નિલેષને દિલ્હી જવાનું છે અને ત્યાં વડાપ્રધાન પોતે તેને રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર આપશે. આ વાત સાંભળી તેઈનગર ગામના લોકો ખુશીથી ઝુમી ઉઠયાં.

**નટવર હેડાઉ**

# દેશના ખેડુતોના પાયાના પ્રશ્નોનો ક્રમાનુસાર નિકાલ લાવવો જોઈએ

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

વર્તમાન સંજોગોમાં સરકારે કૃષી વિકાસ અને ઔદ્યોગિક વિકાસ પર ખાસ ધ્યાન આપવા જેવું છે. કૃષિ વિકાસથી દેશમાં અનાજનો પ્રશ્ન કાયમી રીતે ઉકેલાશે અને ખેડૂતોને પણ મહેનતની આવક મળી રહેશે. દેશમાં જે નકામી જમીન પડી છ`તે જમીન જે ખેડૂતો જમીન વિહોણા છે તેવા ખેડૂતોને ખેતી માટે આપવી જોઈએ. આજે જંગલોના જંગલો નષ્ટ થઈ રહ્યા છે ત્યાં નકામી જમીન પડી હોય ત્યાં ખેડાણ કરીને ખેડૂતોને ભાડેપટ્ટે આપી દેવી જોઈએ અને ત્યાં ઈઝરાઈલ પદ્ધતિથી ખેતી થવી જોઈએ. તેનાથી ઉપજ પણ સારી મળશે અને ખેડૂતો તેમના પરિવારનું ગુજરાન ચલાવી શકશે પરંતુ આમાં કોઈ સરકારના અધિકારીઓ દ્વારા ગેરરીતિ થવી જોઈએ નહીં.

આજે વિશ્વની અનેક રીસર્ચ સાંસ્થાઓ, એન.જી.ઓ. ઈકોનોમીક પીન્ક ટેન્ક સમયાંતરે છેલ્લા વીસ વર્ષમાં પ્રવર્તતા ભ્રષ્ટાચાર (ગેર-રીતિ) પર અભ્યાસ કરે છે. જેમાં ટ્રાન્સ પેરન્સી ઈન્ડીયા, અર્નેસ્ટ એન્ડ યંગ જેવી સંસ્થાઓના રીપોર્ટ સામેલ છે. જે બધા એ જ કહે છે કે ભારત ભ્રષ્ટાચારના રોગથી પીડાય છે જો આટલો બધો ભ્રષ્ટાચાર ન હોત તો ભારતનો જીડીપી ગ્રોથ વધુ આગળ હોત. વિકાસ પણ વધુ થયો હોત. અને ભારત વિકાસશીલ રાષ્ટ્રોની હરોળમાં આવી ચુકયો હોત. લાંચ આપવી અને લાંચ લેવી એ ગુન્હો બનતો હોવા છતાં તેમાં કોઈ ફેર પડી શકતો નથી.

દેશમાં ગેરરીતિ આચરવામાં સરકારી અધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને રાજ-કારણીઓ મોટા પાયે સંડોવાયેલ છે. ખાસ કરીને કોમનવેલ્થ સ્પોર્ટમાં મોટા માથા સંડોવાયેલા છે તેઓ જામીન ઉપર છુટી પણ જતા હોય છે.

ત્યારે હવે કૃષિ વિકાસની યોગ્ય રીતે વાત કરીએ તો કૃષિ વિકાસ સાથે અનેકવિધ પાસાંઓ જોડાયેલાં છે તેનું એક સાથે નિરાકરણ લાવવું શકય નથી. કૃષિ ઉત્પાદન વધવાથી ખેડુતોની આવકમાં વધારો થવો ખરેખર તો સરકાર દ્વારા ખેતી ક્ષેત્રના અને ઔદ્યોગિક ક્ષેત્રના સર્વાંગી પ્રશ્નોની એક પેકેજના રૂપમાં ચર્ચા થવી જોઈએ. આ રીતના પ્રયત્નો કરવામાં આવશે તો કોઈપણ મુશ્કેલીમાંથી બહાર આવી શકાશે.

જો ૨૦૨૦ સુધીમાં ખેડૂતની આવક બમણી કરવાનો ધ્યેય દાખવવામાં આવશે તો તેની સાથે સંકળાયેલા તમામ પાસાઓનું એક સાથે નિરાકરણ લાવવું પડશે. માત્ર ઉત્પાદન વધવાથી કોઈ સિદ્ધાંત

**અનુસંધાન પાના નં.૬** ઉપર

## ગેરરીતિ આચરવામાં ઉદ્યોગપતિઓ અવ્વલ નંબરે

# સ્વિત્ઝરલેન્ડના પોસ્ટમેન કબૂતરો

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

આજના ઉપગ્રહોના યુગમાં પણ કેટલાક દેશોમાં સંદેશાવાહક કબૂતરો આજે પણ પોલીસ ખાતામાં આંગડીયાની સર્વિસ કરી રહ્યા છે. ભારતમાં આવેલા ઓરિસ્સામાં આજે પણ કબૂતરો દ્વારા સંદેશાની લેવડદેવડ થતી જોવા મળે છે.

યુરોપીય દેશ સ્વિત્ઝરલેન્ડમાં આજે પણ ૧૦૦ વર્ષ જુનું કબૂતરનું સૈન્ય કાર્યરત છે. આ સૈન્યમાં પાંચસો, પંદરસો કબૂતરો નહીં પરંતુ ૧૦,૦૦૦ જેટલા કબૂતરોની એક ફોજ છે. વળી આ બધાં જ કબૂતરો સ્વિત્ઝરલેન્ડના લશ્કરમાં વિશેષ સૈનિકોનો હોદ્દો પણ ધરાવે છે. થોડા વખત પહેલાં દેશની સરકારે નક્કી કર્યું કે આજના સેટેલાઈટ યુગમાં ગમે તે સંદેશાને પળભરમાં દુર સુધી મોકલી શકાતો હોવાથી આવા ખર્ચાળ પારેવડાંને રાખવાનો કોઈ જ ફાયદો દેખાતો નથી. એટલે આ પારેવડાંઓને હંમેશને માટે નીલ ગગનમાં છોડી મુકવા જોઈએ. જ્યારે લોકોને સરકાર આ પ્રકારનું પગલું ભરે તેની જાણ થતાં જ પ્રજાએ તેના વિરોધમાં સરઘસો કાઢયા. લશ્કરે પણ સરકારને પોતાનો વિચાર જણાવતાં કહ્યું કે, કબૂતરો દ્વારા મોકલી શકાય એટલા લાંબા સંદેશા આધુનિક ફેકસ મશીન કે મેઈલ દ્વારા પણ મોકલી શકાતા નથી.

વિચિત્ર લાગતી વાત ખરેખર તો સાચી જ હતી. કારણકે મોટા મોટા સંદેશાઓ મોકલવા લગભગ અશકય બને છે. ઈ.સ.૧૯૧૭ માં સ્વીસ લશ્કરે કબૂતરોની સૌ પ્રથમ વાર કામે લગાડયા ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હતું. સ્વિત્ઝરલેન્ડ ગગનચુંબી આલ્પ્સ પર્વત શિખરોનો અત્યંત પહાડી દેશ ગણાય છે. માટે જમીનરસ્તે લશ્કરી સંદેશાઓ મોકલવામાં ઘણી જ તકલીફ પડતી હતી. કોઈપણ સંદેશો તાત્કાલીક મોકલી શકાતો નહોતો. પરિણામે લશ્કરે હજારો સંદેશવાહક કબૂતરોની એક બટાલીયન તૈયાર કરી તે બધાને તાલીમ આપવાને માટે ૧,૦૦૦ જેટલા કબૂતરબાજ ટ્રેઈનરોને પણ લશ્કરમાં ભરતી કરી હતી.

વર્ષો બાદ બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે આવી પાંખવાળી સ્વીસ બટાલીયન કબૂતરોએ ગુપ્ત મેસેજ સાથે કુલ ૧,૫૦,૦૦૦ જેટલી ઉડાન ભરી હતી. સ્વીત્ઝરલેન્ડે આ યુદ્ધમાં ભાગ લીધો નહોતો તેમ છતાંય આજુબાજુના દેશોમાં ચાલતા યુદ્ધ અંગેની રજેરજ માહિતી સ્વિત્ઝરલેન્ડે આ કબૂતરો દ્વારા રોજેરોજની પ્રાપ્ત કરી હતી.

સ્વિત્ઝરલેન્ડના ૧૦ હજાર કબૂતરો આજે પણ રોજે રોજ દેશભરમાં ઉડાન ભરતા રહે છે અને ફેકસ કરતાં પણ વધુ સારી રીતે સંદેશાઓ બીજા સ્થળે પહોંચાડે છે. ફેકસ મારફત લેટરપેડ જેવડા કાગળની નકલ સામે છેડે પહોંચતા અંદાજે ત્રણ મીનીટનો સમય લાગે છે. સ્વિત્ઝરલેન્ડના આ કબૂતરો આવા છુટક કાગળ પર છાપેલા સંદેશા પહોંચાડવાને બદલે ટચુકડી કોમ્પ્યુટર ચીપ સાથે જ રવાના થાય છે. સ્વીત્ઝરલેન્ડનો ખુશ્કીદળ આશરે ૨૦૦ પાના ભરાય એટલી માહિતી ફકત એ ચીપમાં સ્ટોર કરી દે છે અને તે ચીપનું વજન હોય છે માત્ર ૨ ગ્રામ. એની પહોળાઈ અને લંબાઈ પણ ૧૧ મીલીમીટર ૧.૧ સે.મી.જેટલી હોય છે. સ્વિત્ઝરલેન્ડનું સૈન્ય વળી દરેક કબૂતરને ૧૦ ચીપ વડે સજ્જ કરે છે જેમાં ચાર ચીપને તેના પગ સાથે બાંધે છે અને બીજી છ ચીપને રબ્બરબેન્ડ જેવા નેકલેસ વડે કબૂતરના ગળામાં પહેરાવે છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### પાંથાવાડાના...

**પાના નં.૧ ચાલુ**

જેને પાંથાવાડા રેફરલમાં લાવતા ફરજ પરના તબીબ ડો.પિયુષ મોદીએ પી.એમ.કરી મૃતદેહ વાલી વારસાને સોંપ્યો હતો.પોલીસે બાળકીના પિતાની ફરિયાદના આધારે નાશી છુટેલા કાર ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી

### ધાનેરામાં...

**પાના નં.૧ ચાલુ**

ધરપકડ કરવા મુદ્દે પોલીસ મથકમાં જ ધરણાં ઉપર ઉતરી ગયા હતા. જેથી જિલ્લા પોલીસે ચાર વિરૂધ્ધ ફરિયાદ નોંધી હતી. પરંતુ ધરપકડને લઈ કોંગ્રેસના અગ્રણીઓ નથાભાઈ પટેલ, બળવંતસિંહ રાવ, ઈશ્વરભાઈ ચૌધરી વગેરેએ અર્જુનભાઈ મોઢવાડીયા સાથે ધરણાં જારી રાખ્યા હતા. બનાવના પગલે દોડી આવેલા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે શેરીમાં ધામા નાખ્યા હતા. જેથી જિલ્લા પોલીસ તંત્રનું સંચાલન ધાનેરાથી થતુ હતુ. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસે ગઈકાલે બપોરના સુમારે ધાનેરા યુવા ભાજપ મહામંત્રી અનિલ ઉર્ફે જયેશ દરજીની ધરપકડ કરી હતી અને તેને પાંથાવાડામાં રખાયો છે. બાદમાં જિલ્લા પોલીસ વડાએ તમામ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી તેથી તેમના ઉપર ભરોસો રાખી કોંગ્રેસ અગ્રણીઓએ ધરણાં સમેટી લીધા હતા.

### જમીન ધોવાણ...

**પાના નં.૧ ચાલુ**

**જે સર્વે અન્વયે ૩૯,૪૪૬ ખેડુતોની ૪૫,૪૮૭ હેકટર જમીનમાં પાક નુકશાનની સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. લોકોનું આરોગ્ય સચવાય તે માટે વિશાળપાયે સફાઇ કરવામાં આવી છે. જિલ્લામાંથી ૧૯,૮૦૫ ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં ધાનેરામાંથી ૧૨,૫૫૦ મે. ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે આરોગ્ય વિભાગની ૧૩૮૩ ટુકડીઓ ધ્વારા રોગચાળો ન ફેલાય તે માટે પુરતી સારવાર અને ૨૦ લાખ જેટલી કલોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું છે. છતાં પણ લોકોને કોઇ મુશ્કેલી હોય તો કલેકટર ઓફિસ પાલનપુર ખાતે હેલ્પલાઈન નંબર ૦૨૭૪૨-૨૫૩૯૦૯ કાર્યરત છે તેના પર સંપર્ક કરી મદદ મેળવી શકે છે.**

### કુંભાસણ ગામમાં...

**પાના નં.૩ ચાલુ**

રાહત સામગ્રીમાં ચોખા-દાળ-નમક-મરચુ-હળદર-ચા-ખાંડ-ખાદ્યતેલ-નાવાનો કપડા ધોવાનો સાબુ-કેશતેલ-કાંસકો ની ૧૫૦ કીટની સાથે ૧૫૦ છત્રીઓ પણ ધીરજભાઈ પરીખ તરફથી વિતરણ કરવામાં આવી હતી.

આ કાર્યકર્મમાં અતિથી વિશેષ તરીકે ગઢ પીએસઆઇ વરુ, અધ્યક્ષસ્થાને ગામના સરપંચ ધીરજભાઈ મોદી તેમજ ગામના તમામ આગેવાનોએ હાજરી આપી સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા સહકાર આપ્યો હતો. ગામનું કઈ પણ કામ હોય ગમે ત્યારે સહાય માટે તૈયાર રહેતા જવાહરભાઈ નો ગામલોકોએ ખુબ ખુબ આભાર માન્યો હતો.

### કાંકરેજ તાલુકાના...

**પાના નં.૩ ચાલુ**

સેકન્ડ હેડ કમાન્ડન્ટ જીવનકુમાર ગુપ્તા, ડૉ.કમાન્ડન્ટ અનુપકુમાર (મેડીકલ), ડૉ.ત્રિલોકચંદ તથા મેડીકલ અન્ય એસ.એસ.પી.ના જવાનો દ્વારા પૂરગ્રસ્ત નવા- જુના માનપુરા(ઉણ), શીયા, વાલપુરા, રૂની, નવા, ભદ્રેવાડી, અણદપુરા, અમરપુરા, ઓઢા, ટોટાણા, બલોચપુરા, ઉણ, સાકરીયા, સ્ટોનપુરા, પટણીવાસ, બેણાવાસ વગેરે ગામમાં ઉમદા સેવા આપેલ. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એસ.એસ.બી.ના આરોગ્ય કેમ્પની મુલાકાત લઈ સેવાકીય કામગીરીને બિરદાવી હતી.

### શમશેરપુરાના...

**પાના નં.૩ ચાલુ**

ત્યારે ગામ સરપંચ અને તલાટી ને હટાવવાની માંગ સાથે પાલનપુર કલેકટર કચેરી એ હોબાળો મચાવ્યો હતો. પુર ની પરિસ્થિતિ બાદ રોકડ રકમ અધિકારીઓ ના હાથ મા આવી જતા જિલ્લા મા સર્વે અને સહાય મા ગેરરીતિ અને મનમાની ની ઘટના ઓ સામે આવી રહી છે ત્યારે સરકારી સહાય ન મળવાને કારણે પીડિતો વધુ પીડિત થઈ રહ્યા છે.જેને લઈ તંત્ર સામે લોકો નો આક્રોશ વધી રહ્યો છે.

### અદાણી...

**પાના નં.૮ ચાલુ**

સાથે સાથે ઘાસચારાની ટ્રકોમાં ગૌશાળાઓમાં તથા અન્ય બિનવારસી ગાયોને પણ ખવરાવી જીવદયાનાં કામો કરવામાં આવ્યાં હતાં.ધાનેરા તાલુકાના ૨૧ ગામોમાં પણ માનવસેવા અને જીવદયાનાં કાર્યો કર્યાં હતાં.ગૌતમાભાઇ અદાણી દ્રારા કુદરતી આપત્તિના સમયમાં માદરેવતનની સહાય કરાતાં પ્રજાજનોને હુંફ સાથે વહીવટીતંત્રને પણ ઘણી રાહત થવા પામી હતી.કીટ સહાયની સાથે ટીમ દ્રારા તાલુકાના નાનીપાવડ ગામમાંથી રાત્રિના દસ વાગ્યા સુધી મોટરો ગોઠવીને પાણી ઉલેચવાની પણ કામગીરી કરવામાં આવી હતી.તથા ચોમાસાના કારણે રોગચાળાની દહેશતના ભાગરૂપે બે એમ્બ્યુલન્સ પણ સ્ટાફ સાથે રાખવામાં આવી હતી.જેમના તબીબો દ્રારા લોકોના આરોગ્યની પણ ચકાસણી અને યોગ્ય સારવાર કરાવવામાં આવી હતી. કેપ્શનઃમાદરેવતન થરાદમાં પુરની પરિસ્થતીમાં ૠણ ચુકવતાં અદાણી પરિવાર દ્રારા ભારે રાહત સામગ્રી મોકલવામાં આવી હતી.

### ધાનેરામાં પૂરગ્રસ્તોને ...

**પાના નં.૮ ચાલુ**

સાધતા તેઓએ જણાવેલ કે ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં અસરગ્રસ્ત લોકોના ૭ માનવ મૃત્યુમાં ૪૨ લાખ, ઢોર મૃત્યુમાં ૧૬ લાખ, મકાન સહાયમાં ૩ લાખ કેશ ડોલ્સ મળી કુલ ૩, ૨૪, ૫૭૦૦૦ કરોડનું ચુકવણું કરવામાં આવ્યું છે હજુ સહાય ચુકવવાની કામગીરી ચાલુ છે.

તાલુકા વિકાસ અધિકારી એમ. પી.જોષીએ જણાવેલ કે ધાનેરા તાલુકાના ૧૮૮૯ કુટુંબોને ૧,૯,૬૭,૩૮૦૦ ઘર વખરી માટે ૧,૦૪૪૦૦૦ આપવામાં આવી છે અને હજુ સહાય ચૂકવવાની કામગીરી ચાલુ છે.

### દાંતીવાડાના...

**પાના નં.૮ ચાલુ**

પરંતુ શનિવારના સવારે બાજુના ભડલીકાંઠા ગામના ખાખરીયા તળાવમાં યુવકના કપડા મળતા પરિવાર દ્વારા પોલીસ અને દાંતીવાડા મામલતદાર ને જાણ કરતા દાંતીવાડા નાયબ મામલતદાર ધનજીભાઈ ધાસુરા રામનગરના તરવ્યા ભમરસિંહ વાઘેલા ,ચંપુસિંહ વાઘેલા ,મેતાબ સિંહ વાઘેલા સાથે પહોંચી તળાવના પાણીમાં તરવ્યા દ્વાર તપાસ કરતા યુવક તળાવમાંથી મરણ પામેલી હાલતમાં મળી આવ્યો હતો જે બાદ મૃતદેહ ને બહાર કઢાવી પોલીસે મરણ જનાર યુવકના મૃતદહેને દાંતીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લાવી પી.એમ કરાવી લાશને વાલી વારસાને સોપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

## વડગામ મામલતદારે ચાર્જ સંભાળ્યો




તા.પ્રતિનિધિ વડગામ

વડગામ મામલતદાર તરીકે આર.એમ.ચાવડાએ ચાર્જ સંભાળ્યો છે. તેઓ હિંમતનગર કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતાં હતા. તાલુકાની જનતાના પ્રશ્નો સહેલાઈથી હલ કરી શકાય તેવા અભિગમ સાથે નવનિયુક્ત મામલતદાર આર.એમ.ચાવડાએ કામના શ્રી ગણેશ કર્યા છે. છેલ્લા એક વર્ષથી વડગામ મામલતદારની જગ્યા ખાલી હતી જેની વારંવાર રજૂઆત કરતાં આખરે મહેસુલ વિભાગ દ્વારા નવિન મામલતદારને નિયુક્ત કર્યા છે.

## પૂરપીડિતો માટે સ્વામિનારાયણ ગુરુકુળ પાલનપુર દ્વારા સેવાકાર્ય



પાલનપુર

સ્વામીનારાયણ ગુરૂકુળ પાલનપુર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં પૂરપિડીતો માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા અંતરિયાળ ગામે સુધી મદદ પહોંચાડવામાં આવી રહી છે.વૃદાવન સ્વામીની પ્રેરણાથી બ્રહ્મ સ્વરૂપ સ્વામીજી અને શ્રી રંગસ્વામીજીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક આગેવાનો અને સ્વયંસેવકોના સહકારથી અવિરત સેવા કાર્ય ચલાવવામાં આવી રહ્યા છે.એક સપ્તાહથી બે ટાઈમ ગરમ ભોજન, જીવન જરૂરી વસ્તુઓનું વિતરણ, રાશનની સંપૂર્ણ કીટ તથા કપડા અને વાસણ અપાઈ રહ્યા છે.જે અંતર્ગત રાજયના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સંસ્થા દ્વારા ચાલતા અન્નક્ષેત્ર કેમ્પની મુલાકાત લઈ સંસ્થાના કાર્યને બિરદાવી હતી.

## ડીસા આદર્શ પ્રા.શાળામાં રક્ષાબંધન કાર્યક્રમ ઉજવાયો



### બાળાઓએ ભાઈ માટે મંગલકામના કરી

ડીસા

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન સંસ્કાર મંડળ ડીસા સંચાલિત એમ.યુ.પેથાણી આદર્શ પ્રાથમિક શાળા ડીસા ખાતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી.

બહેન અને ભાઈના નિઃસ્વાર્થ પ્રેમની નિશાનરૂપ રક્ષાબંધન તહેવારની ઉજવણી થાય છે. આ દિવસે બહેન ભાઈના હાથે રાખડી રૂપે રક્ષાનું કવચ બાંધે છે.અને મંગલકામના કરે છે.પરંપરાગતથી ચાલ્યો આવતો આ તહેવાર કુટુંબમાં શાળાઓમાં ભવ્ય રીતે ઉજવાતો હોય છે.ત્યારે ડીસાની આદર્શ પ્રાથમિક શાળાના બાળકો રાખડી અને સાથીયા સ્વરૂપે બેસીને ભાઈના હાથે રાખડી બાંધી હતી અને ભાઈ ભણવામાં હોશીયાર થાય તથા સંસ્કારી બને તેવી કામના વ્યક્ત કરી હતી.ભાઈઓએ પણ ભેટ સ્વરૂપે પેન તથા પેન્સિલ આપીને ખુશી વ્યક્ત કરી હતી.બહેને ભાઈના લલાટ ઉપર અક્ષત ટિલક કરીને જમણા હાથે રક્ષાનું કવચ બાંધ્યું ત્યારે વાતાવરણ નયનરમ્ય બન્યું હતું. વધુમાં શાળાના શિક્ષકો તથા બાળકોએ રક્ષાબંધનને અનુલક્ષીને ગીત, વાર્તા, પ્રેરક પ્રસંગ કહ્યા હતા.ઉષાબેન લીંમ્બાચીયાએ શ્રી રામરક્ષાસ્ત્રોતમ સંગીતના સમધુર સ્વરમાં કહ્યો તથા ત્યારબાદ ભાઈઓને શુભ ચોઘડીએ રાખડી બંધાવવામાં આવી હતી.દરેક બાળકોને મોં મીઠું કરાવીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.શાળાના દરેક શિક્ષકગણે રક્ષાબંધનની ઉજવણીમાં ભાગ લીધો હતો.

## ડીસામાં ફોટોગ્રાફી- વિડીયોગ્રાફી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ડીસા

ડીસા ફોટોગ્રાફર- વિડીયોગ્રાફર એસોસિએશન દ્વારા તથા સી.જી.પી.ટી.આઈએ આયોજીત ફોટોગ્રાફી એક સંભારણું છે. તથા સારી ફોટોગ્રાફી કેવી રીતે કરી શકાય તેવું જરૂરી માર્ગદર્શન સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ડીસા તાલુકાના શહેરના તથા ગામડાઓના લગભગ એકસો પચાસ(૧૫૦) જેટલા ફોટોગ્રાફર વિડીયોગ્રાફર ઉપસ્થિતિમાં ફોટોગ્રાફીની માહિતી મેળવી હતી. આ વર્કશોપના સહયોગી મોનાર્ક વિડીયો વિઝન મુંબઈ સતીષભાઈ, ફોટો ઓરેન્જ અમદાવાદથી પ્રતિકભાઈ- જીયા ફ્રેમ મહેસાણાથી જીજ્ઞેશભાઈ પટેલ, ડીજી ફલીક- જતીન પંચાલ તથા ઉમિયા કલર લેબ પાલનપુરથી સીરીશભાઈ પટેલનો સહયોગ મળ્યો. ડીસા ફોટોગ્રાફર એશોસિએશનના પ્રમુખ વિનોદભાઈ ગાંધીએ પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી વિશેષ કાર્યક્રમમાં પધારેલ નિકુંજભાઈ વ્યાસ(સેન્ટ્રલ સ્ટુડિયો- પાલનપુર) એ દરેક ફોટોગ્રાફરને આવનારા આ કોમ્પ્યુટર યુગમાં કદમ સામે કદમ મિલાવી ખુબ જ સમાજને પ્રેરણાદાયક કામ આપો તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ચંદુભાઈ (એ.ટી.ડી.), ''દીકરી દેવો ભવઃ'' ચિત્ર મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નરેશભાઈ દવે, પ્રવિણભાઈ ઠક્કર, વિપુલભાઈ ગૌસ્વામી (ઉપપ્રમુખ), ડીન્કુભાઈ, કનુભાઈ પટેલ, મેહુલ પારેખ, ચાવડા ગૌરાંગભાઈ, પપ્પુભાઈ, ગીરીશભાઈ દરજી તેમજ કારોબારી મેમ્બર તથા ડીસા ફોટોગ્રાફ મિત્ર પરિવારે ખુબ જ સહયોગ આપેલ. વિશેષ આ કાર્યક્રમમાં સાઉન્ડ સિસ્ટમ, રાકેશ પુરોહિત, કૌશીક પ્રજાપતિ(ફોટોગ્રાફી) તથા વીડીયોગ્રાફી સચીને ખૂબ જ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

આ રીતે દરેક કબુતર ૨૦૦૦ પાના ભરાય એટલી માહિતીને પોતાની એક જ ઉડાનમાં સ્વીસ લશ્કરે જણાવેલ સરનામે કલાકના ૧૪૦ કી.મી.ની ઝડપે પહોંચાડી દે છે.

એકસપ્રેસ ડીલીવરી તે આનું નામ ! અને તેમાં નાઈટ સર્વિસ પણ ખરી. કેમ કે મેસેજ બહુ અરજન્ટ હોય તો લશ્કર અડધી રાત્રે પણ અડધી ઉંઘમાં અમુક રેમ્બો કબૂતરોને જગાડીને તેમને ડયુટી પર રવાના કરે છે.સંદેશાવાહક કબૂતરોને રાતના ઘોર અંધકારમાં કાંઈ પણ દેખાતું હોતું નથી માટે ઘણી વખત તેઓ વીજળીના તાર સાથે જોરદાર રીતે અથડાય છે ત્યારે તેઓ ગંભીર રીતે ઈજા પણ પામે છે. પરંતુ ઘાયલ થયેલા કબૂતરો પોતાનો પ્રવાસ છેવટ સુધી ચાલુ રાખવો પડે છે. આથી લશ્કરે રેમ્બો જેવા ફકત બહાદુર કબૂતરોને જ નાઈટ સર્વિસ માટે પસંદ કરેલા હોય છે.

**કમલેશ કંસારા**

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

બર આવશે નહીં.જ્યારે નાના ખેડૂતો પર દેવાનો બોજ વધશે જેથી કૃષિ ક્ષેત્રે ખેડૂતો માટે એક સમાન નીતિ ખુબ જ જરૂરી છે.

કૃષિ વિકાસનો અર્થ જ એ છે કે કૃષિ ઉત્પાદનમાં વધારો થાય અને કૃષિના પાયાના પ્રશ્નો હલ થાય. આ બાબતે કૃષિ મંત્રાલયે પોતાના સિદ્ધાંતમાં ફેરફાર કરવો જોઈએ. ગ્રામીણ વિસ્તારોમાં કેટલું ખેત ઉત્પાદન થાય છે અને ખેડૂતોને કેટલું વળતર મળી રહે છે તેની ખાસ કરીને સમીક્ષા થવી જોઈએ. ખેડુતોના પાયાના પ્રશ્નોનો સમયાંતરે ઉકેલ લાવવો જોઈએ તેમાં કોઈપણ જાતની નિષ્કીયતા ચલાવી લેવી જોઈએ નહીં.

સરકાર દ્વારા તમામ ક્ષેત્રોમાં પરિવર્તન લાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જો કૃષિ અને ઔદ્યોગિક વિકાસ પર પુરતું ધ્યાન આપવામાં નહીં આવે તો આગામી સમયમાં પરીસ્થિતિ વિષમ બની રહેશે. ખાસ કરીને સમગ્ર દેશમાં ચેકડેમોમાં વધારો થવો જોઈએ. તાજેતરમાં આવેલા ભારે વરસાદ અને પુરના કારણે નાના ડેમો અને બે માર્ગ વચ્ચેના મીની પુલ ધોવાઈ ગયા છે. ઘણા ગામડાઓનો સંપર્ક થઈ શકતો નથી અને ખેતી તો સાવ નષ્ટ થઈ ચુકી છે. પુરથી ખેતરો ધોવાઈ ગયા છે. ફળદ્રુપતા પણ રહી નથી. આ તમામ બોજામાંથી પાર પાડવા માટે કૃષિ મંત્રાલયે તમામ ખેત જમીનની સમીક્ષા કરવી પડે તેમ છે. જો આ બાબતે કૃષિ મંત્રાલય નિષ્ક્રીયતા દાખવશે તો અનાજનું જે ભંડોળ ખેડૂતો દ્વારા ચાલે છે તે આ તદ્દન બંધ થઈ જશે.

દરમ્યાન ગુજરાત સરકારે ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૩ હેઠળ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ તાલુકાઓને 'આપત્તિગ્રસ્ત વિસ્તારો' તરીકે જાહેર કર્યા છે. મહેસુલ વિભાગે કેન્દ્ર સાથે સંપર્ક કરીને આ સંદર્ભે ગેઝેટ નોટીફીકેશન પણ બહાર પાડયું છે જેથી ખેડૂતોને રાહત થઈ શકશે.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

એટલે હું નહીં આવું.. વરસાદમાં મારૂં પ્રેસર હાઈ થઈ જાય છે આમે મને ડાયાબીટીસ તો છે જ..

અગાઉથી જણાવી દો એટલે બોસની બકબક ચાલુ થઈ જાય છે. એ બંધ થઈ જાય. જોકે ગઈસાલ એક ઓફિસના બોસ બબલદાસે અડધો ઈંચ વરસાદ થયો ત્યારે ઓફિસમાં હવાલો સંભાળતા હસમુખલાલને જણાવી દીધું હતું કે, વરસાદ થયો છે.મારી વાઈફને તાવ ચડયો હોઈ આવતો નથી. .સંભાળી લેજો..

હવાલો સંભાળતાં હસમુખલાલ એમનો ચલણી સિક્કા જેવો શબ્દપ્રયોગ કરી નાખ્યો હતો.. માંડ વરસાદ પડયો છે એમાં તમારી વાઈફને તાવ ચડયો છે. અને આ ઓફિસની સુવાવડ મારે કરવાની..?

ખેર, પહેલી તારીખે આગાહી મુજબનો વરસાદ પડવાનો અને ખેલ બગાડવાનો..બાકી આ વખતે રામધુન બંધ વરસાદના રાજાને મનાવવાના ભજન કીર્તન બંધ. અરે દેડકા દેડકીનાં લગ્ન પણ મોકુફ.. એટલું જ નહીં માથે ઢુંઢીયાબાપજીને લઈને નીકળતી સ્ત્રીઓ જોવા નહીં મળે.. દર વર્ષે વરસાદને લાવવા તપેલામાં બેસીને જે હવન કરવામાં આવે છે એ પણ બંધ.. એની પાછળ થતા નાના મોટા ખર્ચા બંધ..

બાકી દર સાલ તો વરસાદ વહેલો છે વહેલો છે કહીને અડધું ચોમાસુ જવા છતાંય આવતો નથી.. અને આવે છે તો કયાંક એકી રાતમાં અગિયાર ઈંચ વરસાદ અને બીજે સ્થળે જયશ્રીકૃષ્ણ..

છેલ્લાં આંકડા તપાસતાં કદાચ સત્ય એ સામે આવ્યું છે આગાહીમાં જે ટકાવારી બતાવી હોય છે એ પૈકીનો અડધો વરસાદ પણ થતો નથી. તેથી વરસાદને એમ થોડું કહેવાય કે આ કળીયુગમાં માણસો જેવો થઈ ચુકયો છે.. એક વાત મુજબ વહુ અને વરસાદના કરમમાં વખાણ.. વાહ વાહ.. લખ્યાં હોતાં નથી એ સદાય ગાળો ખાતો રહે છે. હશે. એ બે નંબરની વાત છે પણ પહેલીએ ચાર ઈંચ વરસાદનું આગમન થશે અને દીવસે જ જો ચારેકોર.. સાર્વત્રિક વરસાદ પડશે તો ચોક્કસ વરસાદની એક વાહ વાહ થશે.. આયો મારો બાપલિયો.. બાકી જો પહેલીના જવાની સાથે તારીખો લંબાઈ તો વરસાદો ગાળો ખાશે જ.. એના લમણામાં કાયમ લખાયું છે.

આગાહી જોઈને મારા પાડોશીઓ મને કહ્યું. અવળા હાથના લેખક એક ખેંચી કાઢો વિષય સારો છે.. આમે ચકલાં પોપટની વાર્તામાંથી વિષયાંતર થશે..અને મને એવો ગુસ્સો આવ્યો કે પાડોશીને ચોમાસામાં પહેરવાના રબરના બુટથી ફટાફટ કરી દઉં..?

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | દુન તીબાર ૫ કી. ૮૨૦૦ | ઓરેન્જ ૫૬૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ |
| **ચાંદી ચોરસા ૩૮૫૦૦-૩૯૦૦૦** | દુન તીબાર ૧ કી. ૮૨૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ |
| રૂપુ કાચું ૩૮૫૦૦-૩૯૦૦૦ | હાથી ૧૧૨૧ ૬૮૦૦ | જીરાસર ચંદન ૨૮૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ |
| સોનુ તોલો ૨૯૦૦૦-૨૯૩૦૦ | બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦ | ચણાદાળ ૪૪૪ ૮૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **તેલ બજાર** | નર્મદા મગ પોલીસ ૫૮૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૦૦** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | **ખોળ બજાર** |
| પામોલીન ૮૮૫-૯૫૦ | નર્મદા મગ મોગર ૬૫૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોયા રીફાઈન ૧૨૧૦-૧૨૨૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦ | મગ ૫૭૦૦ | મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | નર્મદા અડદદાળ ૮૫૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | જીરાળુ ૧૯૦૦-૨૦૦૦ |
| સીંગતેલ૧૫ કી. ૧૬૦૦-૧૬૩૦ | અડદદાળ નર્મદા પ્રી. ૮૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૫૦૦-૧૫૨૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦ |
| સીગતેલ ૫ લી. ૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦ |
| તિરૂપતી કપા. ૧૨૬૦ | ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | **પરચુરણ** |
| ૫ લીટર ૪૧૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | સોજી ૮૬૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | મેંદો ૮૬૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૩૦૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| ૫ કે. કોપરેલ ૮૪૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫લી. અંકુર સીંગતેલ ૫૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ લી. ૩૭૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૨ લી. ૧૫૭ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | કોકમ ફુલ ૧૮૦ |
| **ચોખા-દાળ બજાર** | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૩૯૦૦** | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦ | **ખાંડ એમ.૪૦૦૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ગેટવે પ્રીમીયમ ૮૫૦૦ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | તલ ૯૦-૧૦૦ |
| ગેટ વ. રોયલ ૬૦૦૦ | તુવરદાળ ખીડીયાર ૫૮૦૦ | **ચા-બજાર** | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| ગેટવે રેગ્યુલર ૫૨૦૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | સીંગદાણા ૬૫-૮૦ |
| ગેટવે રીઝાના ૪૪૦૦ | દાવત સુપર જુના ૯૮૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે એવરેડી ૪૦૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | દુધી ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | સુકી ડુંગળી ૧૫૦-૨૪૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત દુબાર જુના ૬૦૦૦ | હળદર આખી રાજાપુરી | લસણ ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | ધાણા ૯૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | દાવત ૭૦ જુના ૪૧૦૦ | હળદર આખી સેલમ ૯૦ | મરચાં ૮૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૨૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | લીબુ ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | અડવી પત્તા ૨૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | આદુ ૧૦૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | રીંગણ ૫૦૦-૮૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ટામેટા ૧૬૦૦-૨૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ભીંડા ૫૦૦-૮૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | કોબી ૨૪૦-૨૮૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ટીંડસા ૭૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | **ગવાર ૧૦૦૦-૧૨૦૦** |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | બાદશાહ બટાકા ૧૩૦-૨૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | ચોળી ૧૨૦૦-૧૬૦૦ |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | તુરીયા ૮૦૦-૧૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | | |

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

CMYK

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ



## રાધનપુર શહેરમાં સફાઈ કામગીરીમાં રાજયના ૧૭૦ કર્મચારી કાર્યરત

**ભાવનગર, જુનાગઢ, ઈડર, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, વડાલી પાલિકાની ટીમો સક્રિય**


કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર શહેરમાં ભારે વરસાદ અને પૂર બાદ ઠેરઠેર ભરાયેલા વરસાદી પાણીના નિકાલ, ભરાઈ ગયેલી ગટરો સાફ કરવા તેમજ ગંદકી દૂર કરવા માટે ભાવનગર અને જુનાગઢ મહાનગર પાલિકા ઈડર, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર અને વડાલી પાલિકાના ૧૭૦ સફાઈ કામદારોની આઠ ટીમો બનાવીને કામે લગાડવામાં આવી છે. આ ઉપરાંત મચ્છરના ઉપદ્રવને ડામવા માટે ફોગીંગ મશીન ચોકઅપ થયેલી ગટરો સાફ કરવા માટે ભાવનગર મહાનગર પાલીકાનું જેટીંગ મશીન તેમજ વી.એમ.ટી મશીન કામે લગાડવામાં આવ્યા છે. સફાઈ કામદારની આઠ ટીમોના લીડર નક્કી કરીને તે કામગીરી કરાવે છે. શહેરના તમામ વિસ્તારોમાં સફાઈ અભિયાન યુધ્ધના ધોરણે ચાલી રહ્યું છે. પાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર પ્રશાંતભાઈ સોનીના જણાવ્યા મુજબ ત્રણ દિવસ સફાઈ અભિયાન ચાલશે.

## ઊંઝાની પરિણીતાને ઘરમાંથી કાઢી મુકતા સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ

ઉંઝા

ઉંઝામાં પરિણીતાને ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતાં પરિણીતાએ સાસરીયા પક્ષના સભ્યો વિરૂધ્ધ ફરીયાદ નોધાવતાં પોલીસે તેઓની ધરપકડ માટેના ગતિમાન કર્યા છે.

ઉંઝાની પરિણિતા જયશ્રી બેન રમણલાલ પરમારે પોલીસ ફરીયાદમાં જાણાવેલ કે તેમના સાસરીયાઓ ઘણીવાર શારિરીક માનસિક ત્રાસ આપતા હતા.ઘણીવખત ઘરમાંથી કાઢી મુકી હતી.તેમ છતાં સંસાર બગડે નહી તે હેત-થી સહન કરતી હતી.તેમ છતાં ગત બુધવારે ઝઘડો કરીને મેણાં-ટોણા મારી ઘરમાંથી ફરી કાઢી મુકતાં જીવવું દુષ્કર બની જતાં ન્યાય માટે પોલીસમાં રજૂઆત કરતા પોલીસે દહેજ ધારા હેઠળ ફરીયાદ દાખલ કરી પરમાર અમરાબેન ગોપાઈભાઈ, પરમાર ગોપાલભાઈ શંકરભાઈ પરમાર રમીલાબેન ભરતભાઈ વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાધનપુર તાલુકામાં કચ્છના મહિલા મંડળની સેવા


કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકામાં બનાસનદીના ધસમસતા પૂરને કારણે ઘાસચારાની જબરદસ્ત તંગી સર્જાઈ છે. આ તંગીને ધ્યાનમાં રાખીને કચ્છના શ્રી કચ્છ માધાપર લેઉવા પટેલ સમાજ દ્વારા લીલા ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે શ્રી કચ્છ માધાપર લેવા પટેલ યુવક મંડળ, મહિલા મંડળ અને રાધનપુરના શ્રી રામ સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે પશુઓ માટે વિતરણ કરવામાં આવ્યું હતું. કચ્છની મહિલાઓ પણ સેવામાં લાગી હતી.

## રાધનપુરની નાલંદા પ્રા.શાળામાં રક્ષાબંધનની ઉજવણી


કમલ ચક્રવર્તી

પ્રતિ રાધનપુર

રાધનપુરમાં નાલંદા પ્રા.શાળામાં શનિવારે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાઈ - બહેનના પવિત્ર પ્રેમના પ્રતિકરૂપ પર્વની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું. ઉપરાંત સમગ્ર સ્ટાફની બહેનોએ પણ શિક્ષકોને રાખડી બાંધીને ભગવાન પાસે રક્ષણની માંગણી કરી હતી. શાળાના આચાર્યે રક્ષાબંધનના પવિત્ર પર્વ અંગે ઉદ્‌બોધન કર્યું હતું.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **થરા** | | રાજગરો | ૭૪૦ | સુવા | ૭૫૦-૯૧૪ |
| જીરૂ | ૨૧૦૦-૩૩૨૫ | બાજરી | ૧૬૦-૨૬૦ | બંટી | ૨૯૦-૩૩૨ |
| એરંડા | ૮૬૦-૮૭૫ | ઘઉં | ૩૦૧-૪૬૦ | રાયડો | ૬૨૫-૬૮૯ |
| રાયડો | ૬૩૫-૬૪૦ | ગવાર | ૬૦૦-૬૮૪ | એરંડા | ૮૩૫-૮૮૩ |
| ગવાર | ૬૬૦-૬૬૫ | અડદ | ૬૮૧ | ઘઉં | ૩૦૫-૩૩૫ |
| ઘઉં | ૩૧૧-૩૩૫ | જુવાર | ૪૭૯ | જુવાર | ૩૦૦-૬૫૦ |
| બાજરી | ૨૩૦-૨૪૯ | મગફળી | ૪૫૧-૭૦૦ | બાજરી | ૨૧૫-૨૬૧ |
| જુવાર | ૪૪૦-૪૯૦ | **પાટણ** | | ૨.બાજરી | ૨૩૦-૨૫૪ |
| **ભીલડી** | | જીરૂ | ૩૨૫૦-૩૩૬૬ | જવ | ૨૯૦-૩૦૦ |
| એરંડા | ૮૩૫-૮૫૦ | વરીયાળી | ૭૩૦-૧૦૮૬ | અડદ | ૬૦૦-૬૮૧ |
| રાયડો | ૬૦૦-૬૨૧ | મેથી | ૪૦૦-૪૮૨ | ગવાર | ૬૦૦-૬૬૫ |

## સાબરકાંઠા અરવલ્લી જીલ્લાની સહકારી સંસ્થાઓ સેવા માટે હંમેશા તત્પર હોય છે : પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા

**બીજી ટ્રક સહકારી સંસ્થાઓ દ્વારા બનાસકાંઠા પુરગ્રસ્તોને મોકલાઈ**


સતીષ ભટ્ટ

હિંમતનગર

સાબરકાંઠા તથા અરવલ્લીની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીઓ તથા નાગરીક બેન્ક અને સહકારી જીનો જેવી સહકારી સંસ્થાઓનાઆર્થીક સહયોગથી સાબરકાંઠા જીલ્લા કન્ઝુમર્સ ફેડરેશન મારફતે આજરોજ શહેરના કોટન માર્કેટયાર્ડમાંથી બનાસકાંઠા જીલ્લાના પુરગ્રસ્તો માટે વિવિધઅનાજ તેમજ મસાલાની કીટો સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલના પ્રયત્નોથી મોકલવામાં આવી હતી. આ પ્રસંગે રાજય સરકારના મંત્રી અને જીલ્લા પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા ઉપસ્થિત રહી સહકારી સંસ્થાઓની સેવાઓને સરાહના કરી હતી. આ પ્રસંગે જીલ્લા કલેકટરપી.સ્વરુપ, સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પાલીકા પ્રમુખ નીલાબેનપટેલ, જયેશભાઈ પટેલ, સાબરકાંઠા બેન્કના એડવોઈઝર હરીશભાઈ પટેલ, માર્કેટયાર્ડના મેનેજર માર્ગેશભાઈ શાહ, મનસુરીબેન વગેરે હાજર રહ્યા હતા.

## મીઠી ધારીયાલમાં પુરૂષોની સાથે હવે મહિલાઓ પણ દારૂ વેચવાની પ્રવૃત્તિમાં સામેલ

ચાણસ્મા

સરકારના ગૃહવિભાગ દ્વારા દારૂબંધીના કડક અમલ માટે કાયદામાં સુધારો કરી દંડ અને સજાની જોગવાઈઓ કડક કરવામાં આવી રહી છે, પરંતુ પોલીસતંત્ર દ્વારા તેનો કોઈપણ જગ્યાએ સુચારુ અમલ કરવામાં આવતો નથી. તેનાથી ઊલટુ દારૂ ગાળનાર અને વેચનાર તત્વો પાસેથી પોલીસ વિભાગ દ્વારા દારૂના હપ્તાની રકમમાં વધારો થતો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે અને તેનું ઉદાહરણ ચાણસ્મા તાલુકાનું છેવાડાનું ગામ મીઠી ધારીઆલ પૂરું પાડે છે.

મીઠીધારીઆલ ગામે પુરુષોની સાથે મહિલાઓ પણ દારૂ ગાળવાની અને વેચવાની પ્રવૃત્તિમાં સામેલ થતાં હવે તો આ ગામે ખુલ્લેઆમ દેશી અને વિદેશી દારૂની હાટડીઓ મંડાઈ છે. સ્થાનિક દારૂડિયાઓ સહિત આજુબાજુના દશેક ગામોના લોકો સવારથી જ આ ગામે દારૂ પીવા ચક્કર કાપતા જોવા મળે છે. સાચે જ જાણે કે દારૂ માટેનું આ ગામ મિનિકેન્દ્ર બની રહ્યું હોય તેમ જણાય છે. સ્થાનિક બીટનું પોલીસતંત્ર તેમજ તાલુકા પોલીસ સ્ટેશન દારૂની પ્રવૃત્તિ સાથે જોતરાયેલા તત્વો પાસેથી સરકારી ગાડીનો ઉપયોગ કરી અઠવાડિયામાં એકાદ બે દિવસ દારૂના હપ્તા ઉઘરાવવા આવે છે. પોલીસની નિષ્ક્રિય કામગીરીને કારણે સ્થાનિક અસામાજિક તત્વોએ માથુ ઊંચક્યું છે. હવે તો અહીંનું શિક્ષણ સંકુલ, ધાર્મિક દેવસ્થાનોની સામે જ દારૂની હાટડીઓ ખોલવામાં આવી છે. ગામના સ્થાનિકો દ્વારા દારૂની પ્રવૃત્તિ રોકવા વારંવારની રજૂઆત કરાય છે. ત્યારે પોલીસ એકાદ બે વ્યક્તિઓને પકડી અલ્પમાત્રામાં દારૂ કબજે કરી દારૂનો કેસ બનાવી જાણે કે ઈડરિયો ગઢ જીત્યો હોય તેમ માની લે છે.

સાંજ પડે આ ગામે દારૂ રસિયાઓનો જાણે કે મેળો જામ્યો હોય તેવો માહોલ સર્જાય છે. જાહેરમાં દારૂ પીનાર તત્વો છાકટા બની બિભત્સ વર્તન કરે છે. પોલીસનો સધિયારો ન મળતાં હવે તો અહીંની મહિલાઓની ઈજ્જત પણ દાવ પર લાગી છે. ગામના હાર્દસમા પાટીદારોના દિલ્હી ચકલા વિસ્તારમાંથી ચામુંડા માતાજીના મંદિરેથી દારૂના અડ્ડાઓ ઉપર વાહનોની લાંબી કતાર જામે છે. આ સિલસિલો જો કાયમી ચાલુ રહેશે તો અહીંના સુજ્ઞ નાગરિકોને ગામને અલવિદા કરવી પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ શકે તેમ છે. ત્યારે ડીએસપી આ પ્રવૃત્તિ રોકવા આકરા પગલાં લેશે ખરા?

## ઊંઝા તાલુકાની કેટલીક ગ્રામપંચાયતના તલાટીએ રેકર્ડ સાથે ચેડા કરતાં ગ્રામજનો પરેશાન

**પ્રજાહિતના કામોમાં થતી ગેરરીતિ**

ઉંઝા

ઉંઝા તાલુકામાં તાલુકા અને જિલ્લા કક્ષાના સંબંધિત ઉચ્ચ અધિકારીઓની નિષ્ક્રિયતા તપાસણીના અભાવ ઉનાવા સહિતના કેટલાક ગામોમાં તલાટીઓ પાસે રખાતા મહત્વના રેકર્ડનું કોઈ ઠેકાણું ન હોવાથી મહત્વના રેકર્ડ મેળવવા માટે ગ્રામજનો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી જૂના ગામઠાણપત્રક, વાડાપત્રક, જમીનને લગતા નકશાઓ, તેમજ અન્ય મહત્વના રેકર્ડ, ડેડ સ્ટોકનું ઠેકાણું નથી.વર્ષોજૂના રેકર્ડને નવેસરથી બનાવવાની તેમજ જાળવવાની તસ્દી કે કાળજી લેવામાં આવી નથી.

કેટલીક ગ્રામ્ય પંચાયતોમાં કથિત તલાટીઓને રેકર્ડ સાથે ચેડાં કરી તેમજ ગરબડ ગોટાળાઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર કર્યા હોવાનું કહેવાય છે.કહે છે કે, કેટલાક રીઢા તલાટીઓ રાજકીય ઓથ યા લાગવગ તેમજ અધિકારીઓ સાથે મેળાપીપણું ધરાવીને પોતાના આર્થિક હીતો સાચવીને તગડા થઈ રહ્યા છે.

ગ્રામપંચાયતોમાં થયેલ ગરબડ ગોટાળા, ગેરરીતિઓ સંદર્ભે ઉચ્ચ કક્ષાએથી યોગ્ય તપાસ થતી નથી.કે કસુરદારો સામે કોઈ કડક પગલાં લેવાતાં નથી.ગ્રામ પંચાયતોમાં જે ગરબડ ગોટાળા થયા છે તે અંગે તાલુકા કે જિલ્લા કક્ષાના અધીકારીને તપાસ કરવાની પણ ફુરસદ નથી.જેથી તેઓનું મૌન સાંઠગાંઠની ચાડી ખાઈ રહ્યું હોય તેમ જણાય છે.

સરકારના લોકકલ્યાણ મેળા તેમજ અન્ય કથિત સિધ્ધિઓના જોરશોરથી ગાણા ગવાય છે.પરંતુ ગામડાઓમાં ગ્રામપંચાયતના મહત્વના રેકર્ડ, વહીવટી કામગીરી, થયેલ કામો પ્રગતિમાં છે તે કામોની ઝીણવટભરી તપાસ કરાય તો ઘણી ચોંકાવનારી હકીકતો બહાર આવે તેમ મનાય છે.કહે છે કે, કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતમાં છેલ્લા ઘણા વખતથી ટી.ડી.ઓ.ની નિમણૂંક થઈ નથી.વેટરનરી તબીબ ટી.ડી.ઓ.ના ચાર્જમાં છે.જેથી કચેરીમાં પણ લાલીયા વાડી ચાલી રહી છે.

## મહિલા સશક્તિકરણ પખાવાડિયાના ભાગરૂપે પાટણ ખાતે મહિલા સ્વાવલંબન શિબિર યોજાઇ



પાટણ

પાટણ જિલ્લામાં તા. ૧ લી ઓગસ્ટ થી તા.૧૪ ઓગસ્ટ સુધી ઉજવાઇ રહેલા મહિલા સશક્તિકરણ પખાવાડિયાના ભાગરૂપે જિલ્લા રોજગાર કચેરી પાટણ દ્વારા તા.૦૩/૦૮/૨૦૧૭ ના રોજ પાટણ ખાતે એ.પી.એમ.સી. હોલમાં મહિલા સ્વાવલંબન શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં રોજગાર અધિકારી શ્રી એન.એમ.પટેલે મહિલાઓએ સ્વાવલંબી બનવા માટે રાજય સરકારની વિવિધ મહિલાલક્ષી સ્વરોજગાર યોજનાઓનો લાભ લેવો તથા રોજગાર કચેરીની કામગીરી અને ઔધોગિક ભરતી મેળા વિશેની જાણકારી આપેલ તથા દેના આર.સી.ટી.ના ડૉ.આશિષ જોષીએ મહિલાઓ માટે વિવિધ ટુંકા ગાળાની વ્યવસાયલક્ષી તાલીમ મેળવી પોતાની રોજગારી ઉભી કરી ભવિષ્યને ઉજ્જવળ બનાવવા અનુરોધ કરેલ તથા મહિલા સામખ્ય પાટણના શ્રીમતી વર્ષાબેન ભટ્ટ જિલ્લા સંકલન અધિકારીએ મહિલાઓલક્ષી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવેલ.

આ શિબિરમાં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના મદદનીશ જીલ્લા મેનેજર નરેશભાઇ ઠાકરે સમાજ કલ્યાણ વિભાગની ડો. આંબેડકર આવાસ યોજના, ડૉ.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના, શિષ્યવૃતિ, મા અમૃતમ યોજના વિશે માહિતી આપી હતી. આ શિબિરમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારની મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો .

## કચ્છના કાશી કોડાય ગામે ચાતુર્માસમાં પ્રવચનોની હેલી

**સંપત્તિ હોય તો વીલ બને અને સંસ્કાર હોય તો ગુડવીલ બને છે પૂ.મુનિ નયશેખર વિ.મ.સા.**


યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિનિધિ થરા

કચ્છના કોડાય ગામ મધ્યે પૂ.મુનિ વિદ્યાચંદ્ર વિ.મ.સા. પૂ.મુનિ પાર્શ્વયશચંદ્ર વિ.મ.સા. પૂ.મુનિ નયશેખર વિ.મ.સા. પૂ.મુનિ શૌર્યશેખર વિ.મ.સા. તથા પૂ.સાધ્વીજી ઋજુપ્રજ્ઞાશ્રીજી આદિઠાણા ૩ ની પાવનકારી નિશ્રામાં ચાતુર્માસની આરાધના ચાલી રહેલ છે. સંઘમાં ઉલ્લાસ-ઉમંગ સારો છે. વ્યાખ્યાન માળા ચાલી રહેલ છે. તેમાં પૂ.મુનિ નયશેખર વિ.મ.સા. જણાવે છે કે ઉપકારી વિતરણ પરમાત્માએ જીવનના ઉત્થાન માટે ઘણી બધી વાતો જણાવી છે. શાસ્ત્રમાં ધર્મના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. દાન- શીલ- તપ- ભાવ. એમાં આપણે અત્યારે દાન ધર્મ ઉપર વિચારીયે. દાનના પાંચ પ્રકાર છે. સુપાત્ર દાન, અભય દાન, અનુકંપા દાન, ઉચિત દાન, અને કિર્તીદાન. મનુષ્ય કોઈપણ પ્રકારનું દાન કરી શકે છે. એક ભિખારી ભીખ માંગવા આવે છે તે પણ બોધ આપીને જાય છે. એક શેઠને ત્યાં એક ભિખારી ભીખ માંગવા આવે છે શેઠજી ઓ શેઠજી ત્રણ દિવસનો ભુખ્યો છું. કાંઈક ખાવાનું આપોને. શેઠ સાંભળતા નથી. બીજી વાર ભીખારી એ જ પ્રમાણે બોલ્યો શેઠ બોલ્યા આગળ જા આગળ અહીં થોડી ભોજનશાળા છે. તો તને ખાવાનું આપું. ભિખારી થોડી વાર ફરીને પાછો આવ્યો શેઠજી તરસથી ગળુ સૂકાય છે. એક ગ્લાસ પાણી તો આપો. શેઠે કહ્યું અહીં થોડી પરબ બંધાવી છે તો પાણી આપું. ભિખારી બિચારો ભુખ્યો તરસ્યો એટલામાં ફર્યા કરે છે. કોઈ કશું જ આપતુ નથી. ફરી શેઠ પાસે આવી પહેરવા કપડા માંગે છે. શેઠ ગુસ્સે થઈ બોલ્યા અહીં થોડી કપડાની દુકાન છે. તો ભિખારી નિરાશ થઈ ગયો છેવટે ભિખારીએ શેઠને કહ્યું કાંઈ ન આપો તો કાંઈ નહિં તમારા પગ નીચેની ધુળ તો આપો શેઠે કહ્યું તું ધુળ લઈ શું કરીશ? ભિખારીએ જવાબ આપ્યો શેઠ તમે ધુળ પણ આપશો તો આપવાના સંસ્કાર પડશે. અમારા જેવો તમારે આવતો ભવ કરવો ન પડે. એક ભિખારી ભીખ માંગવા આવે છે ને કેવી સમજણ આપીને જાય છે. વર્તમાનમાં ઘણા બધા પરિવારો દ્વારા જે હમણા પૂરગ્રસ્ત માટે જે કાર્ય ઉપાડ્યુ છે તે અનુમોદનીય છે. વર્તમાનમાં સાધર્મિક ભક્તિ અને અનુકંપાદાનનો એક અવસર આવ્યો છે. બનાસકાંઠામાં બનાસ નદીએ કાળો કેર પ્રવર્તાવ્યો છે. જેમાં કેટલાય લોકો પૂરના ભોગ બન્યા છે. તો કેટલાય નિરાધાર બની ગયા છે. ખોરાક-પાણી- મકાન- કપડા વગરના થયા છે. તેઓને અત્યારે ખાસ મદદ કરવાની જરૂર છે. પુન્યશાળીઓ આવો અવસર ચુકતા નથી. કેટલાય લોકો તન- મન- ધનથી સેવા આપી રહ્યા છે. માનવતાનું કાર્ય છે. ચારે તરફથી પૂરગ્રસ્તો માટે મદદ આવી રહી છે. વાચકમિત્રો તમે પણ આ કાર્યમાં જોડાઈ જશો. તમારી લક્ષ્મીને સારા કાર્યમાં વાપરશો. બીજાને હુંફ આપવાથી આપણને પણ કોઈ હુંફ આપવાવાળુ મળે છે. આમા કેટલાય આપણા સાધર્મિકો પણ સીદાય છે. સાધર્મિકો ક્યારેય લાંબો હાથ કરતા નથી. પણ આપણે સાધર્મિકને મદદ કરી તેનો ઉદ્ધાર કરવાનો છે. કુદરતી આફતો જ્યારે આવી પડે છે ત્યારે તેમાં મદદગાર બનવું એ પહેલો ધર્મ છે ફરજ છે.

## પાટણ પાલિકામાં અસંતુષ્ટોને વિશ્વાસમાં લેવા કોંગ્રેસ દ્વારા કવાયત શરૂ

પાટણ

પાટણ નગરપાલિકામાં અસંતુષ્ટોએ પ્રમુખ અને કારોબારી ચેરમેનને દૂર કરવા આપેલી અવિશ્વાસની દરખાસ્ત પછી બનેલી આગ ઠરી હતી. જિલ્લા કોંગ્રેસને પ્રમુખ-ચેરમેન ઉપર વિશ્વાસ હોઈ અસંતુષ્ટોને મનાવવાનો દોર શરૂ કરવામાં આવ્યો છે. આ તરફ પ્રમુખ અને કારોબારી ચેરમેન પણ મક્કમ હોવાથી બંને તરફથી શક્તિ પ્રદર્શન થવામાં સત્તાપલટો થઈ જવાની બીક પણ પાર્ટી માટે ઉભી થઈ છે.

મહેસાણા પાલિકામાં કોંગ્રેસની બહુમતિ છતાં બળવાખોરોના કારણે પાછલા બારણેથી ભાજપ સત્તા ભોગવી રહી છે. ત્યારે પાટણ પાલિકામાં આવી પરિસ્થિતિ થાય નહિં તેવી ચર્ચાએ ભારે જોર પકડ્યું છે.

૧૫ થી ૧૭ કોંગ્રેસના નગરસેવકોએ પ્રમુખ અને કારોબારી ચેરમેન બદલવા કરેલી અવિશ્વાસની દરખાસ્ત પછી જિલ્લા કોંગ્રેસથી માંડી પ્રદેશ કોંગ્રેસ સુધીના અગ્રણીઓ દોડતા થઈ ગયા છે. પાટણ જિલ્લા કોંગ્રેસ માટે પાલિકા સદસ્યોના આંતરિક ઝઘડામાં આગળની વિધાનસભા ચૂંટણીમાં મોટી અસર ન થાય તેની ચિંતા બેઠી છે. સુત્રોએ જણાવ્યું હતુ કે કોંગ્રેસ અગ્રણી જગદીશ ઠાકોર, મારફત પાલિકાના બે નગરસેવકોને ઝઘડો શાંત કરવા જવાબદારી અપાઈ ગઈ છે. જો કે પ્રમુખ- ચેરમેન મામલો શાંત પડે તેની રાહમાં છે. પરંતુ જો સમજુતિ ન થાય તો અવિશ્વાસની દરખાસ્ત માટે લડી લેવાનું નક્કી કર્યુ છે. કોંગ્રેસને બંને વચ્ચેની લડાઈમાં પાલિકા ગુમાવવી ન પડે તે મહત્વનું છે.

## જિલ્લા વિકાસ અધિકારીએ સમી અને હારીજ તાલુકાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી



પાટણ

તા.૨૭/૦૭/૧૭ ના રોજ રાજેશ રાજ્યગુરૂ, જિલ્લા વિકાસ અધિકારી, પાટણ અને ડૉ.એસ.કે.મકવાણા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પાટણ દ્વારા પુરથી પ્રભાવિત સમી અને હારીજ તાલુકાની મુલાકાત લીધેલ. જેમાં પ્રા.આ.કેન્દ્ર અડીયાની મુલાકાત લેતાં ઓ.પી.ડી.કેસ. તેમજ ક્લોરીનેશન બાબતે ગ્રામજનો તથા આરોગ્યના સ્ટાફ સાથે ચર્ચા કરી માહિતી મેળવેલ. ઓ.પી.ડી.ના દર્દીઓમાં ધ્યાને આવેલ કે હાલમાં ચામડીના રોગોના દર્દીઓ જોવા મળે છે તેમાં પણપગ ઉપરની ચામડીના દર્દીઓનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. જે બાબત ધ્યાને લઈ ભેજવાળુ વાતાવરણ અને ચોમાસાનીઋતુમાં પાણીમાં ફરવાને કારણે આવુ જોવા મળે છે તેથી ગ્રામજનોને અપીલ કરવામાં આવે છે કે, ચોમાસાની ઋતુમાંવારંવાર ખુલ્લા પગે ન જવુ તેમજ જવાનુ થાય તો પગરખાં પહેરીને અથવા અન્ય વૈકલ્પિક વ્યવસ્થા રૂપે ઘરમાં ઉપલબ્ધ પ્લાસ્ટીકની કોથળી બાંધીને જાય તેવી સલાહ આપવા અંગે આરોગ્ય સ્ટાફને પણ સુચના આપવામાં આવેલ. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સમી ખાતે ચાલતા કંટ્રોલરૂમની પણ મુલાકાત લઈ એન.ડી.આર.એફ.નીકામગીરી તથા રેવન્યુ ડીપાર્ટમેન્ટ તથા પંચાયત ડીપાર્ટમેન્ટની કામગીરીની જાત માહિતી મેળવેલ. મોર્ડન સ્કુલ, આઈ.ટી.આઈ.કોલેજ તથા સરકારી વાણિજ્ય કોલેજ સમી ખાતે વરસાદને કારણે અસરગ્રસ્ત વિસ્તારમાંથી સ્થળાંતર કરીનેઆવેલ અંદાજીત ૩૦૦ જેટલા વિસ્થાપિત લોકોની મુલાકાત લઈ આરોગ્ય વિષયક સેવાઓ તેમજ જમવાની સુવિધાઉપલબ્ધ છે કે કેમ, તેની માહિતી મેળવેલ. ત્યારબાદ બાસ્પા ખાતે જઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતાં ત્યાં ખુબ જપાણી ભરાયેલ હતુ તેમજ મેડીકલ ઓફિસર બાસ્પા તેમજ આર્મીના તબીબો દ્વારા પેટ્રોલ પંપ ખાતે આરોગ્યલક્ષી સેવાઓ માટે જે કેમ્પ રાખવામાં આવેલ હતો તેની મુલાકાત લેવામાં આવેલ અને આજુબાજુથી આવતા તમામ લોકોને પુરતી સેવાઓ મળી રહે તે જોવા માટે સુચના આપેલ.

## મોડાસા-ગોધરાની એસ.ટી.બસમાં આગ : ૩૫ મુસાફરોનો બચાવ

મોડાસા/ધનસુરા

મોડાસા બસ ડેપોની મોડાસા-ગોધરા બસ રહિયોલ પાટિયા પાસે પહોંચી ત્યારે આગળના કેબીનમાં શોર્ટ સર્કીટથી અચાનક આગ ભભૂકી ઉઠતા બસમાં સવાર ૩૫ લોકોનો જીવ અધ્ધર થઇ ગયો હતો. જોકે, સમયસર તમામને બહાર કાઢી દેતાં તમામનો બચાવ થયો હતો. ડ્રાઈવરે ફાઈરબ્રિગેડને ફોન કરતાં કાયર ફાયટરની મદદથી આગ પર કાબુ લગાવાયો હતો.

મોડાસા એસ.ટી બસડેપો સંચાલિત મોડાસાથી ગોધરા બસ (નં-જી.જે.૧૮.વાય-૭૧૨૨) ગુરુવારે ૧૦-૩૦ કલાકે મોડાસાથી ગોધરા જવા બસ રવાના થયી હતી. ૭ કિલોમીટર ધનસુરા રોડ પર રહિયોલ પાટિયા નજીક પહોંચી ત્યારે અચાનક ચાલુ બસે કેબીનના વાયરિંગમાં શોર્ટ-શાર્કીટ થતાં આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં આગે ભિષણ સ્વરૂપ ધારણ કરતાં બસમાં મુસાફરી કરતા ૩૫ જેટલા મુસાફરોમાં ભયનો માહોલ પેદા થતા ભારે અફડાતફડી મચી હતી અને બસમાંથી જીવબચાવી બસમાંથી સલામત રીતે ઉતરી ગયા હતા. બસમાં લાગેલી આગના પગલે ડ્રાઈવરે ફાયરબ્રિગેડને જાણ કરતાં ફાયરબ્રિગેડની ટીમ ફાયરફાયટર સાથે ઘટનાસ્થળે ધસી જઈ બસમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો.

CMYK

# અદાણી ફાઉન્ડેશન દ્વારા પુરમાં ભારે રાહત સાથે માદરે વતનનું ઋણ અદા કરાયું


વિષ્ણુ દવે

થરાદ

સમગ્ર ભારત અને તેના સીમાડા બહાર પણ જાજરમાન ઉધોગપતિ તરીકેનો વૈભવ ધરાવતા અદાણી ફાઉન્ડેશને બનાસકાંઠા અને ખાસ કરીને થરાદમાં માનવ અને સાધનસહાય સાથે ધામા નાખીને અસરગ્રસ્તોની સહાય કરવાની સાથે માદરેવતનનું ઋણ પણ માનવસેવા કરીને અદા કર્યું હતું.જેના કારણે લોકોને હુંફ અને તંત્રને પણ ઘણી રાહત મળી હતી.

દેશના માલેતુજારોમાં ૧૦મો ક્રમ ધરાવતા મોટાગજાના ઊદ્યોગપતિગૌતમભાઇ અદાણી મુળ બનાસકાંઠના થરાદના વતની છે.બનાસકાંઠાના સરહદી થરાદ પંથક ઉપરાંત ધાનેરા અને થરા(કાંકરેજ)ને ભારે વરસાદ અને રેલ નદીનાં પાણીએ ઘમરરોળી નાખ્યો હતો.લોકોને તમામ પ્રકારે ભારે નુકશાન થવા પામ્યું હતું.પાણી ભરાવાના કારણે ગ્રામિણ વિસ્તારોમાં અનેક લોકોનાં સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. અદાણી ફાઉન્ડેશન મુંદ્રાથી માદરેવતનની વ્હારે ટીમ મોકલવામાં આવી હતી.

અદાણી ગૃપનાં નાનાંમોટાં મળીને ૧૫ વાહનો સાથે ૬૦ જેટલા માણસો તથા એમ્બ્યુલન્સ અને ફાયરસેફટી સ્ટાફ સાથે અઠવાડીયાથી રોકાણ કર્યુ છે.ટીમનું માર્ગદર્શન કરતા વિરલભાઇ અને ઈશ્વરભાઈએ જણાવ્યું હતુંકે અદાણી ફાઉન્ડેશન ગૃપના હેડ અને શોસીયલ ઈકોનોમી ઝોનના ચીફ ઓપરેશન હેડ મુકેશ સક્સેનાના માર્ગદર્શન હેઠળ થરાદના વહીવટીતંત્રના સંકલનમાં રહીને તેમની સુચના મુજબ તાલુકાના નાનીપાવડ,દાંતીયા,વાંતડાઉ,કેશરગામ,વળાદર,પેપર, મહાદેવપુરા જેવાં ૧૧ જેટલા ગામોમાં જઈને જરૂરીયાતમંદ અસરગ્રસ્તોનું સર્વે કરીને ચા બનાવવાથી માંડીને જમવાના રોજીંદા વપરાશમાં લઈ શકાય તેવી ચીજવસ્તુઓ તથા શાકાભાજી સાથેની ૨૦૦૦ રાશનકીટનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં તાડપત્રી,કાંબળા,મચ્છર ભગાવતી અગરબત્તી અને મીણબત્તી પણ આપવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

**થરાદમાં અઠવાડીયાથી ૬૦ માણસોનો કાફલો અસરગ્રસ્તોને વ્હારે:જીવદયાનાં કાર્યો પણ કરાયાં**

# ડીસાના વડાવળ નજીક બનાસ નદીમાંથી બિનવારસી લાશ મળી


નદીના પાણીમાં ડુબી ગયેલ હોવાનું પ્રાથમિક તારણ

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ નજીક બનાસનદીના તટ માંથી વહેતા પાણીથી ફોગાઈને બહાર નીકળેલી અજાણ્યા ઈસમની લાશ મળી આવતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જેથી લાશને લઈ અવનવા તર્ક વિતર્કો વહેતા થવા લાગ્યા છે.

આ અંગેની મળતી વિગતો પ્રમાણે વડાવળ અને વાસણા (જુ.ડી.) ગામના વચ્ચે વહેતી બનાસ નદીના વહેતા પાણીમાંથી ગકાઈલે બપોરના સમયે કિનારા પર લાશ જોવા મળતા વડાવળ ગ્રામ પંચાયતમાં જાણ કરાઈ હતી. જેથી પંચાયત દ્વારા ભીલડી પોલીસને આ અંગેની જાણ કરતા રાજુભાઈ અને ઈશ્વરભાઈ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. નદીના પાણીમાં ફુલી ગયેલ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા લાશના વાલી વારસની શોધખોળ હાથ ધરી હતી પણ આ લખાય છે ત્યાં સુધી આ લાશનો કોઈ વાલી વારસો ન મળ્યો હોવાનુ જાણવા મળ્યુ છે અજાણ્યા ઈસમની લાશ ગણી વધુ તપાસ ભીલડી પોલીસ દ્વારા કરવામાં આવે છે. તેથી બિનવારસી લાશને લઈ પંથકમાં અવનવા તર્ક - વિતર્કો થવા લાગ્યાં છે.

વડાવળ નદીમાં મળી આવેલી અજાણ્યા ઈસમની અંદાજીત ૫૦ વર્ષની ઉંમર હોવાનું જણાય છે તેમણે બ્લેક કલરનું પેન્ટ અને ગ્રે કલરનું શર્ટ પહેરેલ છે ત્યારે માથા અને દાઢીમાં વાળ પર લાલ મહેંદી લગાડેલી છે. જેથી તેના વાલી વારસોને ભીલડી પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ડીસા તાલુકાના ભાચલવા ગામના અસરગ્રસ્તો સરકારી સહાયથી વંચિત

**કેશ ડોલ્સ કે ઘરવખરી મળી ન હોવાની રજુઆત**


ભરત સુંદેશા




ડીસા

ડીસા તાલુકામાં પુરની ખુવારી બાદ સરકાર દ્વારા સહાય વિતરણમાં અનેક ગામોના લોકો અન્યાય થયો હોવાની રાવ સાથે લોકો રજુઆત કરવા ડિસાની કચેરીઓમાં દોડી રહયા છે ત્યારે ભાચલવા ગામના હરિજન અને વાલ્મિકી વાસના ૧૦૦ થી વધુ પરિવારોને હજુ સુધી સહાય મળી ન હોવાના મુદ્દે મામલતદારથી લઈ કલેકટર સુધી રજુઆત કરી સરકાર સામે વિરોધ દર્શવ્યો હતો.

ડીસા તાલુકાના ભાચલવા ગામમાં પુર થી ભારે ખુવારી સર્જાઇ હતી.ગામમાં પાણી ઘુસી જતા પારાવાર નુકશાન થયું હતી.જેમાં સરકાર દ્વારા સર્વે કરવામાં આવ્યું હતું પરંતુ ગામના હરિજન વાસ, વાલ્મિકી વાસ તેમજ જુના ગામના લોકો પ્રત્યે દુરાગ્રહ રાખી તેમને બાકાત રાખવામાં આવતા હજુ સુધી કેશડોલ્સ કે અન્ય કોઈ પણ પ્રકારની સહાય મળી નથી.આ સિવાય વાસમાં પાણીની લાઈન તૂટી જવાના કારણે ૧૦ દિવસથી પાણી પણ આવતું નથી.

જેથી શનિવારે ભાચલવાના ૧૦૦ જેટલા પરિવારો ડિસાની કચેરીઓમાં રજુઆત કરવા દોડી આવ્યા હતા અને નાયબ ડી ડી ઓ સમક્ષ આક્ષેપો સાથે ફરિયાદ કરી હતી.તેમને સરકાર સામે પણ આક્રોશ વ્યક્ત કર્યો હતો.અધિકારીઓએ તેમને રી સર્વે કરી ખરેખર જો સહાય નહીં મળી હોય તો આપવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

# લાખણી તાલુકામાં દાડમના બાગોની દારૂણ દુર્દશા




દેવજી રાજપુત

**● પૂરના પાણીમાં દાડમના છોડ સહિત ખેતરો ધોવાયા ● કરોડોનું નુકશાન ● ખેડુતોની વિશેષ રાહત પેકેજની માંગ**

પ્રતિનિધિ વાતમ

બનાસકાંઠા જિલ્લાનું લાખણી દાડમની ખેતીનું 'હબ' ગણાય છે. પરંતુ પૂરના ધસમસતા પ્રવાહે સપાટ મેદાનમાં ફેરવી દેતા દાડમના બગીચા ઉજ્જડ વન બની ગયા છે. જેથી ખેડુતોને કરોડો રૂપિયાનું નુકશાન થયું છે. પરંતુ સરકારે મામુલી સહાય જાહેર કરી છે. તેનાથી ખેતીની જમીન પણ, સમથળ થાય તેમ નથી.ત્યારે નદી કાંઠાના ગામોને વિશેષ પેકેજ જાહેર કરવાની માંગ ઉઠવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને ઉપરવાસમાંથી આવેલ પૂરના પાણીનો પ્રવાહ લાખણી તાલુકાના નાણી, મટુ, કુડા, મોરાલ, ભિમાજી ગોળીયા, જસરા, ગેળા, ગણતા, પેપરાલ, જેતડા જેવા અનેક ગામોમાંથી પસાર થયો હતો. જે ધસમસતા પૂરના વહેણમાં દાડમના લહેરાતા ખેતરો સપાટ મેદાનમાં ફેરવાઈ ગયા છે. જે આજે સપાટ મેદાન બની ગયા છે. દાડમના ઉભા છોડ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે. તો ખેતરોમાં બનાવેલ ફેન્સીંગ વાડ અને ડ્રિપ ઈરિગેસનની પાઈપો પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે. જેના કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થયું છે.

આ બાબતે ભેમાજી ગોળિયાના ખેડુત અજમલજી પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫ માં આવેલ પૂરના નુકશાનમાંથી ખેડુત હજુ બેઠા નથી થયા ત્યાં ફરી ૨૦૧૭ માં આવેલ પૂર ખેડુતો માટે 'પડતા ઉપર પાટુ' પુરવાર થયું છે. ખેડુતને હાલ ખેતરોના સમારકામ અને ફળદ્રુપ કરવા માટે ૧૦ થી ૧૫ લાખનો ખર્ચ થાય તેમ છે. જ્યારે સરકારે હેક્ટર દીઠ માત્ર ૩૦ થી ૮૦ હજાર સુધી જ રકમ ફાળવી છે. જે યોગ્ય નથી સરકારે નદીના વહેણ વિસ્તાર માટે વિશેષ પેકેજ જાહેર કરવું જોઈએ.

નદીકાંઠાના ગામોમાં પુરતા પાણીએ ભારે તારાજી સર્જી છે. ખેતરોમાં મકાનો, પશુઓ, ટ્રેક્ટર જેવા સાધનો તણાઈ જવા સાથે ખેતરો નદીના પટમાં ફેરવાઈ ગયા છે. જે ખેતરો ખેતીલાયક રહ્યા નથી. તેથી કુદરતી પ્રકોપમાં ખેડુતો બરબાદ અને પાયમાલ થઈ ગયા છે. જેથી તેમને વિશેષ રાહત પેકેજ જાહેર કરવા સરકાર સંવેદનશીલતા દાખવે તે જરૂરી છે.

## સરકાર દ્વારા રાહુલજીને બુલેટપ્રુફ નહી પરંતુ ખામીયુક્ત સ્કોર્પીયો ગાડી અપાઇ હતી: કોંગ્રેસનો આક્રોશ

થરાદ

બનાસકાંઠાના ધાનેરા મુકામે શુક્રવારે રાહુલગાંધી પર થયેલા હુમલાની રાજનીતી ભારે ગરમાઇ છે.થરાદમાં શુક્રવારે સાંજે ભાજપના પુતળા દહન કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો.શનિવારે થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાજી સોલંકીએ રાજ્યસરકાર અને પોલીસ દ્વારા અપાયેલાં નિવેદનો પ્રત્યે તીખી પ્રતિક્રીયા વ્યક્ત કરી હતી.જેમાં તેમણે આક્ષેપ કરતાં જણાવ્યું હતુંકે ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા હુમલાની પોલીસ અને સરકાર બંન્નેને જાણ હતી.રાહુલગાંધીએ માર્કેટયાર્ડમાં પ્રવેશ કર્યો ત્યારથી દસ મિનીટ સુધી કાળા વાવટા ફરકાવવામાં આવ્યા હોવા છતાં પોલીસે તેમની અટકાયત કરી ન હતી.વળી રાહુલજીને બુલેટપ્રુફ ગાડી આપવામાં આવી હતી પણ તેઓ તેમાં બેઠા ન હતા આ નિવેદનને તદ્દન પાયાવિહોણુ ગણાવતાં તેમણે જણાવ્યું હતુંકે એક જુનીખામી યુક્ત સ્કોર્પીયો ગાડી આપવામાં આવી હતી.આથી તેમણે પોતાની ખાનગી ગાડીનો ઉપયોગ કર્યો હતો.

## દાંતીવાડાના ભાડલીકાંઠા ગામના તળાવમાં ડૂબવાથી યુવકનું મોત


ઈશ્વર રબારી

દાંતીવાડા

દાંતીવાડાના ભાડલીકાંઠા ગામના ખાખરીયા તળાવમાં ડૂબવાથી ઓઢવા ગામના યુવકનું મોત થયુ છે જોરપુરા ગામમા રાણાભાઈ દેસાઈના ખેતરમા પોતાના માતા પિતા સાથે ભાગીયા તરીકે ખેત મજૂરી કરતા ઓઢવા ગામના બઢિયા કાંતિભાઈ માધાભાઈ શુક્રવારના સાંજના સમયે ઘરેથી નીકળી સવાર સુધી પાછા ના ફરતા પરિવારજોએ શોધખોળ કરવા છતાં મળી આવેલ નહિ જે બાદ પરિવાર જનો દ્વાર દાંતીવાડા પોલીસ સ્ટેશનમા જાણવા જોગ અરજી આપી હતી

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં આંતર રાષ્ટ્રીય કક્ષાની સ્કેટીંગ રીંગનું ઉદઘાટન

**સર્વપ્રથમ જિલ્લા કક્ષાની રોલ બોલ સ્કેટીંગ ટુર્નામેન્ટ રમાઈ**

ડીસા

ડીસાના ન્યુ ટી.સી.ડી.ક્રિકેટ મેદાનમાં તૈયાર થયેલા ક્રિકેટરો દેશ-વિદેશમાં ડીસાનું નામ રોશન કરી રહ્યા છે ત્યારે હવે આ મેદાન ઉપર આંતરરાષ્ટ્રીય કક્ષાની અદ્યતન સ્કેટીંગ રીંગ બનાવાઈ છે.જ્યાં સર્વ પ્રથમ જિલ્લા કક્ષાની રોલ બોલ સ્કેટીંગ ટુર્નામેન્ટ રમાઈ હતી.જેમાં જિલ્લાની આઠ શાળાનાં બાળકોએ ભાગ લીધો હતો.

ડીસામાં રમત ગમત ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતું ન્યુ ટી.સી.ડી.ક્રિકેટ મેદાન ઉપર સ્કાય મોંન્ટેસરી સ્કૂલ ડીસા તેમજ ધી.ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડમી અને ગુજરાત સરકારના રમત ગમત વિભાગ ગાંધીનગર સંચાલિત બનાસકાંઠા જિલ્લા રમત ગમત પરિષદ પાલનપુર દ્વારા ગઈકાલે નવીન બનાવેલ અદ્યતન સુવિધાવાળી ઈન્ટરનેશનલ કક્ષાની સ્કેટિંગ રીંગ ઉદઘાટનનું જિલ્લા રમત ગમત પરિષદ પાલનપુર દ્વારા આયોજીત રોલ બોલ સ્કેટિંગ જિલ્લા કક્ષાની ટુર્નામેન્ટ થી કરવામાં આવેલ.આ ટુર્નામેન્ટમાં બ.કાં.જિલ્લાની કુલ ૮ શાળાઓએ ભાગ લીધો હતો.

ઉદ્દઘાટન પ્રસંગે ડો.રાજુલ દેસાઈ(ડાયરેક્ટર બાળ વિકાસ આયોગ ગાંધીનગર ગુજરાત સરકાર) તેમજ સ્કાય મોન્ટસરી સ્કૂલના આચાર્ય ધાન્યામેડમ, એકેડમીના પ્રમુખ છબીલદાસ સોનેથા, માનકમંત્રી સતિષ બનાવાલા, જ્યોત્સનાબેન પટેલ, જિલ્લા રમત ગમત અધિકારી ગોયા હાજર રહ્યા હતા.રાહુલ પરમાર(સ્કેટીંગ ટુર્નામેન્ટ કન્વીનર) તેમજ સ્કેટીંગ કોચ રમેશભાઈ ઠાકોર અને શૈલેષ મકવાણાના નેજા હેઠળ ટુર્નામેન્ટ યોજાઈ .ડીસાના ગરીબ બાળકો તેમજ જેને સ્કેટીંગમાં જે રસ છે તેવા બાળકો આ સ્કેંટીંગ રીંગનો હવે લાભ લઈ શકશે.તેથી શહેર અને ગામડાના બાળકોને હવે મેગા શહેરોની જેમ ક્રિકેટની સાથે સ્કેંટીંગ રમતમાં પણ કૌવત અને કુશળતા દાખવવાની અણમોલ તક ઘર આંગણે સાંપડશે.


ભરત સુંદેશા

# પૂરગ્રસ્ત વિસ્તારમાં 'માં'નો વાત્સલ્ય પ્રેમ

**જોનારા સૌ કોઈ ગદ્દગદિત: પ્રેમ સામે પૂર વામણું**




યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકાના બનાસ નદી તટ અને આજુબાજુના ગ્રામ્ય - ખેત વિસ્તારોમાં દાંતીવાડા-સીપુ ડેમ ઓવર ફલો થતાં તમામ દરવાજા ખોલાતા બનાસ નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. જે કાંકરેજ તાલુકામાં નર્મદા કેનાલને અથડાતાં ડાયવર્ટ થયું ને છેવટે કેનાલ તૂટતાં પૂરપ્રકોપ સર્જાયો હતો. જેમાં માનવ- પશુ જાનહાનિ થઈ ઠેરઠેર હૃદય કંપાવે તેવાં દશ્યો જોવા મળી રહ્યા હતા. કેટલાય માનવ પશુ તણાયા હશે તેની ફક્ત અટકળો જ થતી હ તી. બીજા- ત્રીજા દિવસે જ્યારે આર્મી, એનડીઆરએફ- એસડીઆરએફની ટીમો બચાવ કામગીરીમાં લાગીને ઘોડાપૂરના પાણી ઓસરતા ખારીયા સુધી જવાનો રસ્તો ખુલ્લો થતા સગા વહાલા સહિત લોકો ટોળેટોળા વળીને પૂરના પાણીનો પ્રકોપ જોવા હાલ હવાલ પૂછવા જઈ રહ્યા હતા આવી કપરી પરિસ્થિતિમાં બે માંનો વાત્સલ્ય પ્રેમ જોવા મળ્યો. જેમાં ઘૂઘવતા પૂરમાં ઉંચાણવાળી જગ્યાએ સૂકા ઘાસચારા પર શાંત થઈને પોતાના વાછરડાને દૂધ પીવડાવતી ગૌમાતા તો સામે કાંઠેથી એનડીઆરએફની બોટમાં સહી સલામત પાછા ફરેલા

પોતાના યુવાન પુત્રના માથા પરથી બોજ હળવો કરીને વહાલ કરતી એ વૃદ્ધ માં એ માં બીજા બધા વગડાના વા માં વિશે જેટલું લખાય તેટલુ ઓછું છે. આવા તો અનેક દશ્યો જોવા મળે પણ એક ઝબકારે કેમેરામાં કેદ થયેલા આ બે દશ્યો સૌ કોઈના હૃદયને ગદગદિત કરતા હતા.. હૃદયનો સાદ નિકળતો હતો. વાહ માં તારો વાત્સલ્ય પ્રેમ..

## રક્ષાબંધનને ચંદ્ર સાથે જીએસટીનું પણ ગ્રહણ

# ચંદ્રગ્રહણ હોવાથી શુભ સમયમાં જ રક્ષાબંધનની ઉજવણી

**બજારોમાં વિવિધ વેરાયટીની રાખડીઓનો ખડકલો**

પ્રતિનિધિ વડાવળ

ભાઈ- બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનને આડે હવે માત્ર એક દિવસ બાકી રહ્યો છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી ડીસા સહિત જિલ્લાની બજારોમાં અવનવી ડિઝાઈન ધરાવતી રાખડીઓ ઠલવાઈ છે જેમાં છોટાભીમ, એગ્રીબર્ડ, નરેન્દ્ર મોદી બ્રાન્ડ, સ્પાઈડર મેન, મોબાઈલ તેમજ કારનું મોડલ ધરાવતી રાખડીઓ આકર્ષણ જમાવી રહી છે.

જી.એસ.ટી.ના કારણે રાખડીઓના ભાવમાં ઘટાડો થયેલ છે. જેથી મહિલાઓને પણ રાખડીઓની ખરીદી કરવી સસ્તી સાબિત થઈ રહી છે. દર વર્ષે રાખડીઓની ડિઝાઈનમાં ફેરફાર થતો જોવા મળી રહ્યો છે. જેમાં ચાલુ વર્ષે નરેન્દ્ર મોદી, યોગી, છોટાભીમ વિવિધ કંપનીના મોબાઈલ તેમજ કારો ની બ્રાન્ડનું મોડલ ધરાવતી રાખડીઓ વિશેષ આકર્ષણ જમાવે છે જેમાં ખાસ કરીને બાળકોને આવી રાખડીઓ વધુ પ્રિય લાગી રહી છે. આ ઉપરાંત બાહુબલી રાખડીઓએ પણ બાળકોને ઘેલા બનાવ્યા છે. ત્યારે હવે રક્ષાબંધનને માત્ર એક દિવસ બાકી રહ્યો છે. જેથી બજારોમાં રાખડીઓ ખરીદવાની ભીડ પણ જોવા મળી રહી છે. નાના બાળકોથી લઈને વૃધ્ધો બાંધી શકે તેવી રાખડીઓની ખરીદી થતી જોવા મળી રહી છે. જેથી ખાસ કરીને વૃધ્ધો માટે સાદી દોરાવાળી રાખડીઓ પણ બજારોમાં જોવા મળી રહી છે.



વળી આ વર્ષે રક્ષાબંધનના દિવસે ચંદ્રગ્રહણ હોવાથી જ્યોતિષાચાર્યના મતે રાખડી બાંધવા માટે સૌથી ઓછો સમય મળનાર છે. સોમવાર ૭ ઓગસ્ટના રોજ ઉજવનાર રક્ષાબંધનનું પર્વએ સવારે ૧૧ થી બપોરના ૧:૩૦ સુધી રાખડી બાંધવાનું મુહુર્ત હોવાનું જ્યોતિષો જણાવે છે. ત્યારબાદ ચંદ્રગ્રહણ હોવાના કારણે સુતક લાગી જાય છે. પરંતુ ચંદ્રગ્રહણ ખગોળીય ઘટના છે. જેને ભાઈ- બેનના નિર્મળ પ્રેમ સામે કોઈ લેવા દેવા નથી તેથી રાખડી ગમે ત્યારે બાંધી શકાય છે.

## ધાનેરામાં પૂરગ્રસ્તોને સહાય ચૂકવવામાં ભેદભાવના આક્ષેપ

**તંત્ર દ્વારા સહાય ચૂકવવાનું ચાલુ હોવાનો દાવો**

તા.પ્રતિ ધાનેરા

પૂરગ્રસ્ત ધાનેરામાં સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવી રહી છે. પરંતુ કોટડા વિસ્તાર, હીંગળાજનગર જુની, ઢુલાશેરી, રાજપૂત અને ભીલવાસના લોકોએ સહાયમાં વ્હાલા દવાલાની નીતિ અપનાવાની હોવાના આક્ષેપો કર્યા હતો જો કે તંત્રે સહાય ચૂકવવાની કામગીરી ચાલુ હોવાનો દાવો કર્યો હતો. ધાનેરામાં કેટલાક અસરગ્રસ્તોને પચાસ ટકા રાહત મળી છે અને પચાસ ટકાને મળી નથી. જેથી યોગ્ય તપાસ કરી રહી ગયેલ લોકોને કેશ ડોલ્સ ચૂકવવા કોંગ્રેસના બળવંતસિંહ રાવે અધિકારી પંડયાને રજૂઆત કરતા તેઓએ જણાવેલ કે તમો લેખીત આપો કોઈ જરૂરીયાતવાળા રહી ગયેલ હશે તેમને તપાસ કરી સહાય આપવામાં આવશે. આ બાબતે ધાનેરા મામલતદારનો સંપર્ક

અનુસંધાન પાના નં.૬

## બેસણું


સ્વ.શંકુબા અભેસિંહજી વાઘેલા
સ્વ.તા. ૩૧/૭/૨૦૧૭

॥ ૐ શાંતિ ॥

અમારા પુજ્ય માતૃશ્રી શંકુબા અભેસિંહજી વાઘેલા તા. ૩૧/૭/૨૦૧૭ ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્દગતનું બેસણું તા. ૧૦/૮/૨૦૧૭ ને ગુરૂવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સદુભા પાટી, થરા, તા. કાંકરેજ, જિ.બ.કાં.

લિ.

વાઘેલા ધુડુભા અભેસિંહજી
વાઘેલા નારણસિંહ અભેસિંહજી
વાઘેલા ભગવાનસિંહ અભેસિંહજી
વાઘેલા સજુભા અભેસિંહજી
વાઘેલા કાકુભા અભેસિંહજી
વાઘેલા જીવુભા બનેસિંહજી
વાઘેલા ખાનુભા પ્રભાતસિંહજી
વાઘેલા બલવંતસિંહ બનેસિંહજી
વાઘેલા કેશુભા હમીરસિંહજી
વાઘેલા માધુભા ચંપુભા
વાઘેલા વિજુભા બનેસિંહજી
વાઘેલા જુવાનસિંહ બનેસિંહજી
વાઘેલા ગંભીરસિંહ પ્રતાપસિંહજી
વાઘેલા લઘુભા જગતસિંહજી
વાઘેલા નારણસિંહ બચુભા

## શ્રધ્ધાંજલિ


સ્વ.શંકુબા અભેસિંહજી વાઘેલા
સ્વ.તા. ૩૧/૭/૨૦૧૭

॥ ૐ શાંતિ ॥

અમારા પૂજ્ય દાદીમા શંકુબા અભેસિંહજી વાઘેલા તા.૩૧-૦૭-૨૦૧૭ ને સોમવારે સ્વર્ગ સિધાવેલ છે. દાદીમાંનું જીવન અમોને સહાય પ્રેરણા આપતું રહે. પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને શાંતિ અર્પે.

સ્થળ : સદુભા પાટી, થરા, તા. કાંકરેજ, જિ.બ.કાં.

લિ.

વાઘેલા પ્રધ્યુમનસિંહ ધુડુભા (ડીવાયએસપી)
વાઘેલા ગજેન્દ્રસિંહ ભગવાનસિંહ
વાઘેલા અનિરૂધ્ધસિંહ ધુડુભા (બનાસડેરી)
વાઘેલા અરૂણસિંહ નારણસિંહ (કિસાન મશીનરી)
વાઘેલા મહાવીરસિંહ ધુડુભા (કિસાન મશીનરી)
વાઘેલા જયપાલસિંહ અજુભા (એલ.સી.બી.,પાલનપુર)
વાઘેલા કુંભસિંહ જીવુભા (શિહોરી પો.સ્ટે.)
વાઘેલા દિગ્વિજયસિંહ માધુભા (ભીલડી પો.સ્ટે.)
વાઘેલા ભગીરથસિંહ કાકુભા (એસ.આર.પી.-મડાણા)
વાઘેલા જનકસિંહ કનુભા
ઝાલા મધુસુદનસિંહ કિષ્નકુમારસિંહ (ભુજ પોલીસ)
ઝાલા લાલુભા ચંપુભા (થરા-નગરપાલિકા)